સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર - ૨૦૧૫
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

કુદરતી સૌંદર્યથી સભર આફ્રિકા ખંડના સિસલ્સ દેશમાં
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં શાનદાર રીતે ઉજવાયો

## હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ








# રજત જયંતી મહોત્સવ સિસલ્સ (આફ્રિકા)














પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં તથા સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં હરિ બિલ્ડર્સ રજત જયંતી તથા પ.ભ. શ્રી વાલજીભાઈ વી. વરસાણીના સિસલ્સગમનના ૪૦ વર્ષ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હરિ બિલ્ડર્સના વાલજીબાપા તથા શ્રી હરીશભાઈ તથા કંપનીના સ્ટાફ-વર્કરો આદિક દરેક રૂડા આશીર્વાદ પાઠવ્યા. તેમજ સરધાર મંદિર દ્વારા સન્માનપત્ર અર્પણ કરીને શ્રી વાલજીબાપાનું બહુમાન કરવામાં આવ્યું.













૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતાદિન પ્રસંગે સિસલ્સ દેશ સ્થિત ઈન્ડિય એમ્બેસી ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી હાઈકમીશ્નર મહોદયશ્રીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમજ કથામંડપમાં પણ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-હરિભક્તોએ રાષ્ટ્રગીતનું ગાન કરી ભારતીય રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

# છઠ્ઠી સત્સંગ શિબિર માણાવદર































**સોરઠ પ્રદેશના માણાવદર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.**

૧-૨-૩-૪. સત્સંગ શિબિરનો લાભ લેતા સોરઠ પ્રદેશનો વિશાળ હરિભક્ત સમુદાય. ૫. સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીની ફળોથી તુલા. ૭. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના '૬૬મા જન્મોત્સવ'ની ઉજવણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરતા મુખ્ય યજમાન શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા. ૯. નૂતન 'શ્રી સ્વામિનારાયણીય દુહા-છંદ' ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૧૦. સત્સંગ શિબિરના માર્ગદર્શનક પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીને સ્મૃતિચિહ્ન કરતા માણાવદર સત્સંગ સમાજ અગ્રગણ્ય હરિભક્તો.



# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૩, અંક :- ૮, તા. ૨૦-૦૯-૨૦૧૫

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

પ્રકાશક/માલિક/તંત્રી :- સાધુ પતિતપાવનદાસજી

સંપાદક :- સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 (યુ.એસ.એ), : £ 125 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.com
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** sardharmandir@gmail.com




અ.નિ. મહંત સ.ગુ.
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી



અ.નિ. મહંત સ.ગુ.
શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી



અ.નિ. સ.ગુ.
શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી



અ.નિ. શ્રી
વરસાણી વેલજી ઝીણા

**અમીદૃષ્ટિથી તેમજ અ.નિ. ધનબાઈ વાલજી વરસાણીની**
**પુણ્યસ્મૃતિમાં શુભેચ્છક સૌજન્ય**

પ.ભ. શ્રી વાલજીભાઈ વેલજી વરસાણી
હ. સુપુત્ર હરીશભાઈ તથા પૌત્ર ચિંતનકુમાર (હરિ બિલ્ડર્સ - શ્રીહરિ ગ્રુપ, સિસલ્સ)

કુદરતી સૌંદર્યથી સભર આફ્રિકા ખંડના સિસલ્સ દેશમાં
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં શાનદાર રીતે ઉજવાયો


૧ **હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ**
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. સંદિપ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી ..... ૦૫

૨ **દિવ્ય અમૃતવાણી** સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. પાર્થ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી ..... ૧૮

૩ **સત્સંગ સમાચાર પત્રિકા** ..... ૨૮



હમારા લક્ષ્ય વિશ્વ કા કલ્યાણ હો...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



**છબીકલા :** શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦, મનિષ પટેલ, મનિષ વોરા, નારાયણ સોલંકી, કરણ સોની (યુ.કે.)

કુદરતી સૌંદર્યથી સભર આફ્રિકા ખંડના સિસલ્સ દેશમાં
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં શાનદાર રીતે ઉજવાયો

# હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. સંદિપ ભગત** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત ભુજવાસી શ્રી નરનારાયણ દેવની છત્રછાયાના ભુજ મંદિરના અ.નિ. મહંત સ.ગુ. શ્રી ધર્મજીવનદાસજી સ્વામી તથા અ.નિ. મહંત સ.ગુ. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી આદિક સંતો-મહંતોની અમીદૃષ્ટિથી પ.ભ. શ્રી વાલજીભાઈ વેલજી વરસાણીએ આફ્રિકા ખંડના સિસલ્સ દેશમાં ધંધાર્થે ગમન કર્યું તેને ૪૦ વર્ષ પૂર્ણ થતાં હોય તેમજ હરિ બિલ્ડર્સ કંપની સ્થાપના ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોય તેમજ ધનબાઈ વાલજી વરસાણી અક્ષરનિવાસી થયા તેને ૫ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે શ્રીહરિ ગ્રુપ દ્વારા સિસલ્સ દેશમાં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'નું તા. ૮ થી ૧૫-૮-૨૦૧૫ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે વેદ-પુરાણ, શ્રીમદ્ ભાગવત, મહાભારત અને રામાયણ જેવા મહાન ધર્મશાસ્ત્રોના સારભૂત સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વક્તાપદે રહી ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કથાગંગાનું નિજ શૈલીમાં રસપાન કરાવી પ્રભુભક્તિમાં રસતરબોળ કર્યા હતાં.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ સ્વરચિત શ્રી સત્સંગિજીવન ગ્રંથના **'જનમંગલસ્તોત્ર'**માં ૭૦મું નામ ઉચ્ચાર કરી ભગવાન શ્રીહરિને ભાવાંજલિ અર્પણ કરી : 'श्री आसमुद्रान्तसत्कीर्तये नमः ।' - ''હે મહારાજ ! તમારી કીર્તિ સાત સમુદ્ર પર્યંત પ્રસરેલી છે, તમામ બ્રહ્માંડોમાં તમારી કીર્તિ તથા તમારો જશ પ્રસરેલો છે.''

બુદ્ધિજીવીઓ દ્વારા એવું કહેવામાં આવે છે કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ કેવળ કચ્છ અને ગુજરાતનો જ ઉદ્ધાર કરવા પ્રગટ્યા હતા.' પણ એ સમજણ અધૂરી છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઉપરોક્ત નામાભિધાન કરીને સમગ્ર જગતને જણાવે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ માત્ર પોતાનું પ્રાગટ્ય સ્થાન ઉત્તરપ્રદેશ કે કર્મભૂમિ ગુજરાત રાજ્ય કે ભારત દેશ જ નહિ પણ સમગ્ર સૃષ્ટિના જીવાત્માઓના શ્રેય અને પ્રેય માટે અર્થાત્ વિશ્વમાં એશિયા-આફ્રિકા વગેરે દરેક ખંડોમાં રહેલા બદ્ધ જીવાત્માઓની મુક્તિ માટે પ્રગટ થયા છે. તેની સાબિતી છે કે આજે 'શ્રી સ્વામિનારાયણ' નામનો વિશ્વભરમાં ડંકો વાગે છે. જ્યાં જાઓ ત્યાં 'શ્રી સ્વામિનારાયણ' નામ ગૂંજે છે, જય જયકાર થાય છે. લગભગ કોઈ એવો દેશ નથી કે જ્યાં 'શ્રી સ્વામિનારાયણ' નામ જપનાર કોઈ ભક્ત ન હોય. સાત સમુદ્રને પેલે પાર ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિ ફેલાયેલી છે.

આફ્રિકા ખંડમાં સિસલ્સ દેશ આવેલો છે. **પૂર્વ આફ્રિકા**ના દરિયાકિનારે ભારતીય મહાસાગરમાં આવેલો પ્રાકૃતિક કુદરતી સૌંદર્યથી સભર **સિસલ્સ દેશ** એ ૧૧૫ **ટાપુઓનો સમૂહ** છે. ઈ.સ. ૧૫૦૦ સુધી **નિર્જન ટાપુ** તરીકે ઓળખાતા સિસલ્સ દેશની શોધ પોર્ટુગલના વાસ્કો-દ-ગામાએ સૌપ્રથમ કરી હતી. અને ત્યાં ઈ.સ. ૧૬૦૯માં બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સૌપ્રથમ ઉતરાણ કર્યું એ પહેલા આ ટાપુઓનો આફ્રિકા અને એશિયા વચ્ચે થતાં વેપારમાં માલના **હેરફેર માટે**ના સ્થળ તરીકે **ઉપયોગ** થતો હતો.

પ્રથમથી જ બ્રિટનના શાસન હેઠળ રહેલા સિસલ્સ દેશને ઈ.સ. ૧૯૭૬માં **સ્વતંત્ર ગણરાજ્ય** તરીકે **આઝાદી** મળી. અને જેમ્સ મેન્કામ પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા. ઈ.સ. ૧૯૭૯માં બંધારણની રચના કરવામાં આવી જે મુજબ સને ૧૯૯૧ સુધી તેનું સમીકરણ થયું. સિસલ્સની રાજધાની વિકટોરીયા છે અને હાલ ૧ લાખ જેટલી વસ્તી ધરાવતા આ દેશમાં મુખ્યત્વે **ભારતીય, ચીની, આફ્રિકન** અને મૂળના સિસલ્સના લોકો **વસવાટ** કરે છે. ક્રિયોલ, અંગ્રેજી અને ફ્રેન્ચ એ **ત્રણ** અહીંની **મુખ્ય ભાષાઓ** છે.

લીલાછમ વૃક્ષોની ચાદર, ચારેતરફ સ્વચ્છ ભૂરા આકાશ સમાન સમૂહ અને વાદળી રંગમાં શોભતું દરિયાઈ જળ તેને પ્રકૃતિએ ભેટમાં આપ્યું છે, એજ તેને ધરતીનું સ્વર્ગ બનાવે છે. વન્યપ્રાણીઓ માટે તમામ સાનુકૂળતાઓ ધરાવતા આ દેશમાં વિશેષ પ્રમાણમાં ૧૫૦થી પણ વધુ પ્રકારની ટ્રોપીકલ માછલીઓ, અનેક પ્રકારના પક્ષીઓ અને અન્ય વિવિધ દરિયાઈ જીવો જોવા મળે છે. આ વન્યજીવો માટે સિસલ્સમાં જમીન વિસ્તારના ૪૬% ભાગ નેશનલ પાર્ક - કુદરતી અનામત અને સંરક્ષિત વિસ્તારો માટે ફાળવેલો છે. ચાર નેશનલ મરીન પાર્ક અહીં બનાવવામાં આવ્યા છે.

ભારત સાથે પ્રથમથી જ સિસલ્સને **સારા સંબંધો** રહ્યા છે. ઈ.સ. ૧૯૮૬માં સિસલ્સના જ સંરક્ષણ પ્રધાન ઓગ્વિલી બર્લીયસે કરેલા **બળવા સામે** એ સમયના પ્રમુખ આલ્બર્ટ રેને ભારતને **મદદ** કરવા વિનંતી કરી હતી. જેથી ઓપરેશન



'Flowers are Blooming' હેઠળ ભારતીય નૌકા સેના-INS Vindhyagiri (Indian naval vessel) - વિક્ટોરીયા પહોંચ્યું હતું અને મદદ કરી હતી.

અહીંનું **કુદરતી સૌંદર્ય** અનેક વિદેશી પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને દર વર્ષે ૧૦ લાખથી વધુ પર્યટકો સાથે અનેક મોટી હસ્તીઓ રજાઓ ગાળવા આ નાનકડા ટાપુને પસંદ કરે છે. તો ભક્તો ! આવો આપણે અહીં ઉજવાયેલ **'હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ'**ની દિવ્યતા અને ભવ્યતાને એક ઉડતી નજરે નિહાળીએ.

'Live each momet of life in such a way that it will become inspiration to all.' એટલે કે **જીવનની દરેક પળો** એવી રીતે જીવવી જોઈએ કે, જેથી તે જે કોઈપણ - તમામને માટે **પ્રેરણારૂપ** બને.

આ વાતને પોતાના જીવનમાં **સાર્થક** કરતા હોય એ રીતે સિસલ્સ દેશમાં નિવાસ કરતા પ.ભ. શ્રી **વાલજીભાઈ વરસાણી**એ તેમની 'હરિ બિલ્ડર્સ કંપની'ના **'રજત જયંતી વર્ષ'**માં તથા તેમના સિસલ્સગમનના **૪૦ વર્ષ** પૂર્ણ થતાં હોય અને અ.નિ. ધનબાઈ વાલજી વરસાણીની **૫મી પુણ્યતિથિ** પ્રસંગે **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** સિસલ્સમાં ઉજવવાનું નક્કી કર્યું.

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ વિદ્યમાન **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાન્નિધ્યમાં **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** ઉજવાયો. જે અંતર્ગત સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલાચરિત્રો અને ધર્મસિદ્ધાંતોથી ભરપૂર સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત **વેદ-પુરાણ, શ્રીમદ્ ભાગવત-ભગવદ્ ગીતા-મહાભારત અને રામાયણ** જેવા મહાન શાસ્ત્રોના સારભૂત અતિ મહાન ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**નું સંપ્રદાયના મૂર્ધન્ય-શ્રેષ્ઠ વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**એ ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે **કથાગંગા**નું નિજ શૈલીમાં **રસપાન** કરાવી પ્રભુભક્તિમાં રસતરબોળ કર્યા હતા. **તા. ૮ થી તા. ૧૫-૮-૨૦૧૫** સુધી ઉજવાયેલ આ મહોત્સવમાં ભારત, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલીયા, દુબઈ, કેન્યા, યુગાન્ડા વગેરે દેશોમાંથી અનેક ભક્તો લાભ લેવા માટે પધાર્યા હતા. ફક્ત ભારતમાંથી જ ૫૦૦ જેટલા હરિભક્તો આ મહોત્સવને માણવા માટે પધાર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. શા. ગોવિંદપ્રસાદદાસજી સ્વામી (જૂનાગઢ), પૂ. કો. મુક્તસ્વરૂપદાસજી સ્વામી (ખોપાળા), પૂ. ઘનશ્યામ સ્વામી (વડતાલ) તેમજ સરધારથી પૂ. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂદાસજી, પૂ. સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી, પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી વગેરે **૩૫ જેટલા સંતો-પાર્ષદો** પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપવા પધાર્યા હતા. સમગ્ર મહોત્સવને લાખો ધર્મપ્રેમીઓને ઘેર બેઠા મહોત્સવનો લાભ મળી શકે તે માટે સૌપ્રથમવાર સિસલ્સથી **'લક્ષ્ય'** ચેનલના માધ્યમથી 52 દેશોમાં તેમજ **ઈન્ટરનેટ**ના માધ્યમથી દુનિયાભરમાં LIVE પ્રસારણ કરવામાં આવ્યું હતું.

૯મી ઓગષ્ટે ને રવિવારના દિવસે મહોત્સવ અંતર્ગત પૃથ્વી પર પથરાયેલ અધર્મને નાથવા અને ધર્મને સ્થાપવા માટે તથા પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરી પોતાનું સુખ આપવા માટે **ભગવાન શ્રી સ્વામિનારાયણ** ધર્મ-ભક્તિ થકી બાળપ્રભુ **શ્રી ઘનશ્યામ સ્વરૂપે** પ્રાગટ્યને પામ્યા હતા. એ **રોચક કથા**નું વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી દ્વારા કરાયેલ **આબેહૂબ વર્ણન** સાંભળીને શ્રોતાજનોને જાણે છપૈયાની એ ગલીઓમાં પહોંચાડી દીધા હોય ! એવી દિવ્ય **અનુભૂતિઓ** કરાવતી હતી.

૧૦મી ઓગષ્ટ અને સોમવારના દિવસે ધર્મ-ભક્તિને દિવ્યગતિ આપી પોતાના **અવતારકાર્યનું પ્રારંભ** કરવાનો સંકલ્પ કરી અગિયાર વર્ષના વર્ણીરૂપે ભગવાન શ્રીહરિએ **વનવિચરણ**નો પ્રારંભ કર્યો અને વનવિચરણની રૂવાડાં ખડા કરી દે એવી એ **રોમાંચક ગાથા**ને ખૂબ સુંદર રીતે વર્ણવી હતી, તો બીજીબાજુ ઘનશ્યામના વિલાપમાં મોટાભાઈ રામપ્રતાપજી, સુવાસિનીબાઈ, ઈચ્છારામજી અને સમગ્ર અયોધ્યાવાસીઓને થયેલ દુઃખની **કરુણાસભર કથા** પ્રત્યેક શ્રોતાજનોને અંતરને સ્પર્શી ગઈ હતી.

ભગવાન શ્રીહરિ પોતે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ હોવા છતાં પણ એક **આદર્શ શિષ્ય**નું જીવન કેવું હોવું જોઈએ એ વાત પોતાના ચરિત્રો દ્વારા પોતાના ભક્તોને બતાવી અને કળિયુગમાં પુનઃ સત્યુગનું સ્થાપન કરવા સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી થકી સંપ્રદાયની **ધર્મધુરા** સંભાળી રાજાધિરાજ બન્યા એટલે કે ભગવાન શ્રીહરિનો **ગાદિ-પટ્ટાભિષેક** મહોત્સવ તા. ૧૧ ઓગષ્ટ ને મંગળવારના દિવસે અતિ ધામધૂમથી કથા અંતર્ગત ઉજવાયો.

તા. ૧૨ અને ૧૩ના રોજ ભગવાન શ્રીહરિના **જીવનપ્રસંગો** દ્વારા આદર્શ નેતા-આગેવાનના લક્ષણો કેવા હોવા જોઈએ ? એનું જીવન કેવું જોઈએ ? વગેરે અદ્‌ભુત **ઉપદેશ કથા**ને શ્રોતાઓએ માણી. સાથે-સાથે ગઢપુર **અન્નકૂટોત્સવ મહોત્સવ**ની સાથે ભગવાન શ્રીહરિના **દિવ્ય** અને **માનુષિક ચરિત્રોની ગાથા** પૂ. વક્તાશ્રીએ સંભળાવી હતી.

તા. ૧૪ના રોજ વડોદરામાં મુક્તાનંદ સ્વામીએ વિદ્વાનોને પરાસ્ત કરી **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક** છે તે સાબિત કર્યું તેની કથા દ્વારા શ્રોતાઓએ **સર્વોપરી નિષ્ઠા** અંતરમાં દઢ

કરી હતી. પૂ. વક્તાશ્રીએ આજે કથાને વિરામ આપી હતી ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં કથા મહિમા અને યજમાન પરિવાર તેમજ મહોત્સવના સહભાગી સંતો-હરિભક્તોને સહુને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

'ભગવદ્‌ભક્તિ સાથે રાષ્ટ્રભક્તિ પણ એટલી જ જરૂરી છે' સૂત્રને ચરિતાર્થ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં સહુ સંતો-ભક્તોએ આપણા ભારત દેશના **૬૭મા સ્વાતંત્ર્યદિન**ને ધ્વજવંદન કરી ઉજવ્યો હતો. પ્રથમ **ઈન્ડિયન એમ્બેસી**માં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કથામંડપમાં પણ **રાષ્ટ્રગીત ગાન** કરીને સ્વતંત્રતાદિને સંતો-હરિભક્તોએ સલામી આપી હતી. સિસલ્સમાં ૫૦૦૦ જેટલા ગુજરાતી કચ્છી ભક્તોએ અહીં પાશ્ચાત્ય સંસ્કૃતિના દેશમાં રહીને પણ **હિન્દુ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ** કરી, હિન્દુ સંસ્કૃતિના સંસ્કારરૂપ વારસાને જાળવી રાખ્યો છે એ ખૂબજ **ગૌરવ**ની વાત છે અને એ જોઈને આપણા હરિભક્તો પણ ખૂબજ પ્રભાવિત થયા હતા.

આ મહોત્સવમાં પ્રતિદિન ૨૫૦૦થી વધુ ભક્તોએ લાભ લીધો હતો અને આ ઉપરાંત **લક્ષ્ય ટીવીચેનલ** અને **ઈન્ટરનેટ** દ્વારા લાખો ભક્તોએ **કથામૃતનું રસપાન** કર્યું હતું. દરરોજ તમામ ભક્તો માટે વાલજીભાઈ વરસાણીએ **મહાપ્રસાદ**ની **વ્યવસ્થા** કરી હતી. આ ઉપરાંત દેશ-વિદેશથી પધારેલા ૫૦૦ જેટલા ભક્તો માટે **ઉતારા**ની પણ **ઉત્તમ વ્યવસ્થા** કરવામાં આવી હતી.

કોઈપણ બાબતની ઉજવણી **ભવ્યતા**થી કરવામાં આવે એનો વિરોધ નથી. પરંતુ જો એમાં **દિવ્યતા** ભળી જાય તો જેમ 'સોનામાં સુગંધ ભળે' એવી રીતે એની **પ્રતિષ્ઠા**ની સુવાસ ચોમેર ફેલાઈ જાય છે. અને આ મહોત્સવની સૌથી મોટી **વિશેષતા** એ જ હતી કે, મહોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવાયો પણ તેમાં દિવ્યતાની સુગંધ સમગ્ર સિસલ્સમાં ફેલાઈ ગઈ.

સદ્‌ગુણોની સાથે-સાથે સરળતા ને સાદગી હોય તો એ જીવન તમામને પોતાની તરફ આકર્ષિત કરે. બસ, કંઈક એવીજ વાત મહોત્સવમાં અનુભવવામાં આવી. સિસલ્સમાં રહેતા હજારો ભક્તો તથા મહોત્સવમાં પધારેલા ત્યાંના દેશનાં **રમત-ગમતના મંત્રી** અને **પર્યટક-પ્રવાસન-સાંસ્કૃતિક મંત્રી**ઓએ એક **આદર્શ લીડર** તરીકે **પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા સંતો-ભક્તોના જીવન જોઈને **અનોખું ખેંચાણ** અનુભવ્યું હતું. મહોત્સવની વિશેષતા એ પણ હતી કે, એકજ વ્યક્તિ દ્વારા ૫૦૦થી પણ વધુ લોકોને બીજા દેશમાં જવાની **સ્પોન્સરશીપ** કરવામાં આવી હતી.

**સાચી આધ્યાત્મિકતા** એને જ કહી શકાય કે, જે કોઈપણ પ્રકારના દબાણ વિના વ્યક્તિના હૃદયને શુદ્ધ કરી શકે. અને એ વાત આ મહોત્સવમાં પણ જોવા મળી હતી. પૂ. **વક્તાશ્રી**એ કથામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા-ઉપાસના, નિયમ-નિશ્ચય ને પક્ષની દૃઢતા જેવા આધ્યાત્મિક ગુણોનની સાથે-સાથે નીતિમત્તા, સદાચાર, માનવતા, પરોપકાર જેવા લૌકિક ગુણો પણ એવી સરસ રીતે પીરસ્યા હતા કે, જેથી **જીવન** આપોઆપ જ **પરિવર્તનશીલ** થઈ જાય. તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રતિદિન કરવામાં આવતી **કથાનું મનોમંથન** કરી અંતે એ કથાના સારરૂપે ભક્તજનોને પોતાની **આશીર્વાદાત્મક અમૃતવાણી** દ્વારા પીરસતા હતા.

ટૂંકમાં, આ મહોત્સવ આધ્યાત્મિકતા અને માનવતાના **અનેક ગુણોરૂપી આભૂષણો** વિનામૂલ્યે મેળવવાનો **અમૂલ્ય અવસર** બની રહ્યો.









## દિવ્ય પોથીયાત્રા
તા. ૮-૮-૨૦૧૫, દ્વિ. અષાઢ વદ - ૯









## શ્રી ઘનશ્યામ જન્મોત્સવ
તા. ૯-૮-૨૦૧૫, દ્વિ. અષાઢ વદ - ૧૦











ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ
તા. ૧૧-૮-૨૦૧૫, દ્વિ. અષાઢ વદ - ૧૨









રાસોત્સવ-ઠાકરીથાળી
તા. ૧૪-૮-૨૦૧૫, દ્વિ. અષાઢ વદ - ૩૦







## મહોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણીને વધાવતા સિસલ્સનિવાસી કચ્છી હરિભક્તો
### તથા યજમાન પરિવાર તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા પૂ.સંતો



૧-૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા કચ્છી હરિભક્તો. ૩. કથામંડપમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. પોથીજીને વંદના કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરી સ્વાગત કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૬. પૂ. શા. સ્વામી શ્રી ગોવિંદપ્રસાદદાસજી - જૂનાગઢ. ૭. પૂ. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી - સરધાર. ૮. પૂ. કો. સ્વામી શ્રી મુક્તસ્વરૂપદાસજી - ખોપાળા. ૯. પૂ. સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી - સરધાર. ૧૦. પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી - સરધાર. ૧૧. યજમાન પ.ભ. શ્રી વાલજીભાઈ વરસાણી (હરિ બિલ્ડર્સ)




હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ મંચસ્થ પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. વક્તાશ્રી તથા પૂ. સંતો-પાર્ષદો અને શ્રી હરીશભાઈ વાલજીભાઈ વરસાણી પરિવાર (શ્રીહરિ ગ્રુપ - સિસલ્સ)






સિસલ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પૂ. સ્વામી આદિક સંતો-પાર્ષદો તથા હરિભક્તોને આવકારતા સિસલ્સ દેશના પ્રવાસનમંત્રીશ્રી તથા યજમાન પરિવાર આદિક ભક્તજનો.

## યજમાન પરિવાર હરિ બિલ્ડર્સ શ્રી વાલજીભાઈ વરસાણી દ્વારા

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સિસલ્સ નિવાસી તમામ કંપની પરિવારોનું સન્માન



૧. પ.ભ. શ્રી વિશ્રામભાઈ જાદવા વરસાણી (વિજય કન્ટ્રકશન) ૨. પ.ભ. શ્રી રવજીભાઈ રાઘવાણી (લક્ષ્કોન બિલ્ડર્સ) ૩. પભ. શ્રી કૌશલભાઈ તથા ગૌરાંગભાઈ પટેલ (વિજય કનટ્રકશન) ૪. પૂજારી શ્રી નીતીનભાઈ (એલાઈડ બિલ્ડર્સ) ૫. શ્રી કરશનભાઈ તથા સુપુત્રો નંદુભાઈ તથા રવિભાઈ (સહજાનંદ બિલ્ડર્સ) ૬. પ.ભ. શ્રી શ્યામભાઈ પટેલ (શ્રીહરિ કન્ટ્રકશન) ૭. પ.ભ. શ્રી ધનજીભાઈ હિરાણી (બજરંગ બિલ્ડર્સ) ૮. પ.ભ. શ્રી હરીશભાઈ (ઘનશ્યામ બિલ્ડર્સ) ૯. પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ હિરાણી (જય બિલ્ડર્સ) ૧૦. પ.ભ. શ્રી રામજીભાઈ કેરાઈ (કેરાઈ કન્ટ્રકશન) ૧૧. પ.ભ. શ્રી કેસરાભાઈ ભુડીયા (શ્રીજી કન્ટ્રકશન) ૧૨. પ.ભ. શ્રી રામજીભાઈ ભંડેરી (રામ બિલ્ડર્સ)

# દેશોદેશથી પધારેલા ભક્તો દ્વારા યજમાન પરિવાર હરિ બિલ્ડર્સ શ્રી વાલજીભાઈ વરસાણીનું તથા
# પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દેશોદેશથી પધારેલા ભક્તોનું સન્માન



૧. શ્રી વાલજીબાપાનું બહુમાન કરતા પ.ભ. શ્રી કેતનભાઈ સોની (નીલકંઠ જવેલર્સ - અમરેલી) તથા જૂનાગઢ મંદિરના ટ્રસ્ટી શ્રી રતિભાઈ ભાલોડીયા, પૂર્વટ્રસ્ટી શ્રી લીંબાભાઈ સરધાર. ૨. શ્રી વાલજીબાપા તથા હરીશભાઈને ચાંદીની મૂર્તિ અર્પણ કરતા બંને જમાઈશ્રી નારણભાઈ તથા પ્રકાશભાઈ. ૩. શ્રી વાલજીબાપાને મૂર્તિ અર્પણ કરી સન્માન કરતા પ.ભ. શ્રી ધનજીભાઈ ધોળકીયા (હરિકૃષ્ણ એક્ષપોર્ટ) ૪-૫. શ્રી વાલજીબાપાનું સન્માન કરતા તથા સ્વીકારતા પ.ભ. શ્રી અમરશીભાઈ નિસર - મુંબઈ. ૬. પ.ભ. શ્રી માવજીભાઈ (કમ્પાલા-યુગાન્ડા) ૭. પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ - કેનેડા. ૮. પ.ભ. શ્રી જાદવજીભાઈ ભુડીયા - લંડન. ૯. પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ સંધાણા - લંડન. ૧૦. પ.ભ. શ્રી શાંતિભાઈ ભંડેરી - કેન્યા. ૧૧. પ.ભ. શ્રી હરજીભાઈ રાઘવાણી - કેન્યા. ૧૨. પ.ભ. શ્રી સમીરભાઈ રાણા - દૂબઈ





















સિસલ્સમાં આવેલ કંપની કેમ્પના હરિમંદિરોમાં ઠાકોરજીની આરતી ઉતારતા તેમજ સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી : ૧. હરિ બિલ્ડર્સ કેમ્પ. ૨. એલાઈડ બિલ્ડર્સ કેમ્પ. ૩-૪. લક્ષ્મણભાઈ એન્ડ કંપની કેમ્પ. ૫. હરિ બિલ્ડર્સ કેમ્પ. ૬. એલાઈડ બિલ્ડર્સ કેમ્પ. ૭. માહે બિલ્ડર્સ કેમ્પ. ૮. પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ (જય બિલ્ડર્સ)ના નિવાસસ્થાને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯. હરિ બિલ્ડર્સ કંપની સ્ટાફ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-પાર્ષદો. ૧૦. પ.ભ. શ્રી કૌશલભાઈ (વિજય કન્ટ્રકશન)ના નિવાસસ્થાને યોજાયલે સત્સંગ સભામાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા સંતો-પાર્ષદો.




૧-૨. હરિ બિલ્ડર્સ કંપનીની ઓફિસમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો. ૩. પ.ભ. શ્રી રવિભાઈ રાઘવાણી (લક્ષ્મણભાઈ એન્ડ કું.)ના નિવાસસ્થાને પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો. ૪-૫-૬. વિજય કન્ટ્રકશનની સાઈટ ઓફિસમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો. ૭-૮. શ્રી કૌશલભાઈ તથા ગૌરાંગભાઈ (વિજય કન્ટ્રકશન)ના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો. ૯-૧૦. પ. શ્રી કરશનભાઈ તથા સુપુત્રો નંદુભાઈ તથા રવિભાઈ (સહજાનંદ બિલ્ડર્સ)ના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો. ૧૧-૧૨. સિસલ્સ દેશ કુદરતી સૌંદર્યને નિહાળતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો-પાર્ષદો-હરિભક્તો.




પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

# દિવ્ય અમૃતવાણી

## હરિ બિલ્ડર્સ રજત જયંતી મહોત્સવ - સિસલ્સ (આફ્રિકા)

સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. પાર્થ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી...' સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની આ પંક્તિ જાણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃવાણી માટે જ લખાઈ છે !

પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણીમાં સત્યનો રણકાર સંભળાય છે, કારણ કે તેઓ શ્રીજીમહારાજના અપરસ્વરૂપસમા સત્યનું સાક્ષાત્ સ્વરૂપ છે. જેણે સત્યને જાણ્યું-પ્રમાણ્યું હોય એમની વાણીમાં એક ચૈતન્ય તત્ત્વ ધબકતું હોય છે. એટલે એને માણનાર ઝંકૃત થઈ જાય છે.

નહીં કોઈ શબ્દોની ઝાકઝમાળ, નહીં શબ્દોના આડંબર, કે નહીં પોતાના અસ્તિત્વની સભાનતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી અમૃતવચનો વહેવડાવે ત્યારે ભગવાન શ્રીહરિની પરાવાણીની અનુભૂતિઓ વહેવા લાગે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની ધીર, ગંભીર અને ગંગાના શાંતપ્રવાહની જેમ વહેતી વાણીએ અસંખ્ય પતિતોને પાવન કર્યા છે, અનેકની જીવનવાટિકાને લીલીછમ કરી છે, અનેકની ક્ષુલ્લકતાને મહાનતામાં બદલાવી છે. એ દિવ્ય વાણીમાં અનેકના જીવન-પરિવર્તન કરવાની દિવ્ય શક્તિ રહી છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણીએ અનેક લોકોના અંધારમય જીવનમાં પ્રકાશ પાથર્યો છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણીમાં એક વિશિષ્ટ પ્રકારની સઘનતા જોવા મળે છે. એમના શબ્દોમાં અજબનું ઊંડાણ છે. એમના મુખારવિંદમાંથી બહાર નિસરતા સામાન્ય શબ્દોની પાછળ ભાવ, અર્થ, શક્તિ, સમજદારી વગેરેનું એક સમગ્ર વાતાવરણ હોય છે. યોગ્ય પ્રકારના મનોમંથન વગર એમની સરળ લાગતી વાણી પણ ખરા અર્થમાં સમજવી અઘરી પડે છે. એમની વાણીમાં વિદ્વત્તાનો વિલાસ કે પાંડિત્યનું પ્રદર્શન નહિ, પરંતુ જીવનનો વિકાસ અને ભાવોની સ્વસ્થ અભિવ્યક્તિ દેખાય છે. કારણ કે એમની

કેવળ વાણી નહિ; પરંતુ વાણીની પાછળ જીવન બોલે છે, જીવનની તપશ્ચર્યા બોલે છે, અવિરત કર્મયોગની ધારા બોલે છે, ભક્તિની શક્તિ બોલે છે, જ્ઞાનનું ગૌરવ બોલે છે. હૃદયના ઊંડાણથી નીકળતી એમની વાણી હૃદયસ્પર્શી બની રહે છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણી કોઈને પણ સ્પર્શી જાય છે. સાદાઈ અને એ જ સહજતા. ભાષાનો કોઈ પ્રકારના આડંબર વિના અને વિચારોના ભારેખમપણા વિના હૃદયમાંથી નીકળે છે તેવું પ.પૂ. લાલજી મહારાજશ્રી બોલે છે. તેથી જ એમની અમૃતવાણી ભક્તોના હૃદય સુધી પહોંચી શકે છે.

આવો આપણે સિસલ્સ દેશમાં યોજાયેલ હરિ બિલ્ડર્સ આયોજીત 'રજત જયંતી મહોત્સવ' પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીને જીવનમાં ધારીએ અને સાર્થક કરી લઈએ.

## :: તા. ૧૩-૮-૨૦૧૫ ::

*'भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं ।*
*व्रतदानतप:क्रियाफलं सहजानंदगुरुं भजे सदा ।।'*


સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની **અસીમકૃપા**થી હિન્દ મહાસાગરના મધ્યમાં સિસલ્સ દેશમાં **હરિ બિલ્ડર્સ**ના **'રજત જયંતી મહોત્સવ'** પ્રસંગે જીવાત્માને લખચોરાશીના ફેરામાંથી મુક્ત કરાવે અને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિના ધામની પ્રાપ્તિ કરાવી શકે એવા **મહા સમર્થ ગ્રંથરાજ** શ્રીમદ્ સત્સંગિજીવન **કથાનું રસપાન** આપણને કરવાનો **અવસર** મળ્યો છે એ આપણા મહદ્ **અહોભાગ્ય** છે. શાસ્ત્રનો મત છે કે, ભગવાનની જ્યારે જીવાત્માના પ્રારબ્ધ ઉપર કૃપા વરસે છે, જીવાત્માના ભાગ્યમાં **ભગવાનની કૃપા** જ્યારે ભળે છે ત્યારે જીવનમાં આવા રૂડા અવસર આવતા હોય છે. આમ જુઓ તો હરિ બિલ્ડર્સને ૨૫ વર્ષ પૂર્ણ થયા એ એમનો વ્યવસાયિક વિષય છે, પરંતુ આપણી જે ભારતીય **આધ્યાત્મિક સંસ્કૃતિ,** આપણી જે **પરંપરા** એમણે આપણને જે **સંસ્કાર** શીખવ્યા છે એ સંસ્કાર, એ ધર્મ - અર્થ કે કામ પર અટકી નથી જતા પણ મોક્ષ સુધી લઈ જાય છે. અને એટલા માટે આપણે કોઈપણ પ્રસંગ હોય ત્યારે એના માટે ભગવાન શ્રીહરિનો **રાજીપો** જીવાત્મા પર વધારે ને વધારે કેમ ઉતરે અને કેવળ પોતાનું અને પોતાના પરિવારનું શ્રેય થાય એમ નહિ પણ સમગ્ર માનવસમાજનું - અનેક જીવાત્માનું શ્રેય થાય એવો સંકલ્પ આપણને મનમાં ઉદ્ભવે ત્યારે માનવું કે ભગવાનની **કૃપા** એના ઉપર ઉતરી છે.

આ રજત જયંતીનો પ્રસંગ હરિ બિલ્ડર્સના **વાલજીભાઈ વરસાણી** પોતાના પરિવારજનોને - મિત્રોને બોલાવીને ઉજવી શક્યા હોત; પણ એમની ભાવના કે અમને જે ભગવાનની કૃપાથી જીવનમાં જે પ્રાપ્ત થયું છે એ યત્કિંચિત ભગવાન શ્રીહરિની પ્રસન્નતાને અર્થે અમે વાપરીએ અને અનેક જીવાત્માને સદ્મતિ મળે, ભગવાનની ભક્તિનો માર્ગ મળે એના માટે અમે વાપરીએ એવું **આયોજન** કરવું છે. એટલે આજે ખરેખર એ વાતનો આનંદ છે. જો કે જ્યારે વાલજીભાઈ અમને આમંત્રણ આપવા વડતાલ આવ્યા હતા ત્યારે મનમાં એક એવો પ્રશ્ન રહેતો હતો કે સમયની કટોકટી છે, પૂર્વ આયોજીત કાર્યક્રમો બધા નિર્ધારિત થયેલા હોય એમાં આ પ્રસંગ શક્ય બને કે ન બને ! જવાશે કે નહિ જવાય ? પરંતુ એક વાત નિર્વિવાદ છે કે જો **ભક્તોનો ભાવ** અક્ષરધામના અધિપતિને જો અક્ષરધામમાંથી તાણીને અહિંયા લાવતો હોય તો વાલજીભાઈ વરસાણી અને તેના પરિવારનો પ્રેમ અમને અહિંયા કેમ ન લાવે ? અને એટલે તમારા સૌનો પ્રેમ અને ભાવ એ આજે ભગવાન શ્રીહરિએ સાંભળ્યો અને અહીંયા આવવાનો **અવસર** બન્યો.

વ્હાલા ભક્તજનો ! વ્યવહારિક દ્રષ્ટિએ આપણે કદાચ જીવનમાં સફળ થયા હોઈએ કે ન થયા હોઈએ એ **પ્રારબ્ધનો વિષય** છે. **શાસ્ત્રોનો મત** રહ્યો છે કે, જીવનમાં જીવાત્મા જેવા કર્મ કરે છે એવા કર્મની ફળની પ્રાપ્તિ એ જીવાત્માને થાય છે. કર્મના ફળને આપનાર પરમાત્મા છે પણ ફળ કેવું મળે એ નક્કી જીવાત્મા પોતાના કર્મથી કરી લે છે; એટલે વ્યવહારિક દ્રષ્ટિમાં જીવનની સફળતા કે ઉતાર-ચડાવ એ મહત્ત્વ છે. જીવનમાં આધ્યાત્મિક દ્રષ્ટિએ જોઈએ તો કદાચ ન દેખાય પણ અમોને - સંતો-હરિભક્તો બધાને **ગૌરવ લેવા જેવી વાત** હોય તો એ છે કે પોતાના દેશ, પોતાના પ્રાંત, પોતાના પ્રદેશથી દૂર દેશમાં આવીને વસીને પણ જે સત્સંગના સંસ્કાર સમગ્ર હરિ બિલ્ડર્સ અને અહીં વસતા સર્વે કંપનીના જે ભક્તોએ પોતાના જીવનમાં જાળવી રાખ્યા છે એ બહુ મહત્ત્વના છે. સંપત્તિથી વ્યક્તિ કદાચ મોટો દેખાઈ શકે છે પણ મોટો બની શકતો નથી. સમજવા જેવી વાત છે. વ્યક્તિ સુંદરતાથી રૂડો-રૂપાળો દેખાઈ શકે છે પણ રૂડો-રૂપાળો બની નથી શકતો. મોટો અને જો કોઈ રૂડો-રૂપાળો બનવું હોય, દુનિયાને - જગતને ગમતા બનવું હોય તો એના માટે એના સંસ્કાર જરૂરી છે, એનું ચારિત્ર્ય જરૂરી છે, એની વિચારધારા, એની કાર્યપદ્ધતિ જરૂરી છે. આજે **ભારતના માટે ગૌરવની વાત** એ છે કે કોઈપણ દુનિયાના દેશના ખૂણામાં **ભારતીય** ગયા છે તોપણ એણે પોતાની **આગવી છાપ** ત્યાં ચોડી છે એની પાછળનું કોઈ કારણ હોય તો એ છે કે પોતાની **ભારતીય ધર્મ સંસ્કૃતિ**ના **સંસ્કારો** ત્યાં લઈને ગયા છે અને એ સંસ્કારોને વળગી રહ્યા છે. કીંમત એ સંસ્કારની થાય છે અને એટલા માટે આજે અહિંયા વ્યવસાયિક દ્રષ્ટિએ તમે ભલે અહિંયા વસ્યા હોય પણ તમારા બધાયના મૂળ એ આપણી ભારતની ભૂમિમાં રોપાયેલા છે. અને એ મૂળમાંથી તમને કાયમ પોષણ મળતું રહે એના માટે આવા **ઉત્સવ-સમૈયા**ના **આયોજન** સમયાંતરે થવા જરૂરી છે.

શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન કરી રહ્યા છીએ. ભગવાનના ચરિત્રો એ હંમેશા **મંગળકારી** હોય છે. જીવનમાં

કોઈપણ પ્રકારની ઉપાધિ આવી હોય, આધિ-વ્યાધિ-ઉપાધિ એ ત્રિવિધ તાપમાં જીવાત્મા બળતો હોય પણ પરમાત્માના સ્વરૂપમાં મનને એકાગ્ર કરી પરમાત્માના જ્યારે ગુણાનુવાદ સાંભળતો હોય ત્યારે એને તમામ જે સંતાપ છે એ વિસરાય જતા હોય છે. ભગવાન શ્રીહરિના **ચરિત્રોનો મહિમા** એવો છે, જેનો શ્રીજીમહારાજે વચનામૃત આદિ ગ્રંથોમાં **ખૂબ વિસ્તાર**થી સમજાવ્યો છે. શ્રીજીમહારાજ કહે છે કે, કોઈપણ જીવાત્મા એને પોતાની ત્રિકાળ અવસ્થા થઈ હોય, ત્રણે કાળને જાણી શકતો હોય, સમાધિમાં ભગવાન સાથે સાક્ષાત વાતો કરી શકતો હોય પણ જો પોતાના કલ્યાણને ઈચ્છે તો ભગવાનના આ ધરા ઉપર જે જે અવતારો થયા એ અવતારોએ જે જે લીલાઓ કરી એ લીલાઓને અખંડ જીવનમાં સંભારી રાખે અને એને વાગોળતાં રહેવું કે જેના માધ્યમે કરીને ભગવાનના સ્વરૂપમાં આપણી જે ગતિ છે આપણી જે **પ્રીતિ** છે એમાં દિન-પ્રતિદિન **વૃદ્ધિ** થાય છે. આ જગતને જે કંઈ પ્રાપ્ત થયું છે એ ભગવાન થકી જ પ્રાપ્ત થયું છે. જો **ખગોળ-ભૂગોળનું વચનામૃત** જેણે વાંચ્યું હોય અથવા તો જે ભક્તોએ તત્ત્વદર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હોય તેને ખબર પડે કે જ્યારે **આત્યંતિક પ્રલય** થાય છે ત્યારે જગતમાં ભગવાન સિવાય બીજું કાંઈ રહેતું નથી. એટલે જે જે પદાર્થને જીવાત્માએ વહાલું કરીને રાખ્યું છે એ પદાર્થ સહિત પોતે પણ અસ્તિત્વ એક સમયે ગુમાવી દે છે એવું આપણા **શાસ્ત્રો** કહે છે.



**આપણા જીવનમાં આ શ્રીમદ્ સત્સંગિજીવન કથા હંમેશાને માટે સમાય જાય, વણાય જાય એવું જો આપણે જીવન જીવીએ તો હરિ બિલ્ડર્સના હરીશભાઈ કે વાલજીભાઈ આદિક ભક્તોનો કરેલો દાખડો સાર્થક છે.**

જીવાત્મા અખંડ છે પણ કેવી રીતે ? તો જ્યારે પ્રલય થાય ત્યારે પરમાત્માની માયામાં લીન થાય. માયા બ્રહ્મમાં લીન થાય, બ્રહ્મ પરબ્રહ્મમાં લીન થાય. પછી અસ્તિત્વ એક પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું રહે છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં સમજાવે છે કે, પુનઃ સૃષ્ટિનું જ્યારે નિર્માણ કરવાનો સંકલ્પ કરે ત્યારે એનો સર્ગ મૂકે ત્યારે એમાં પાછા જીવાત્માને રમતા મૂકે પણ એ કયો જીવાત્મા ? તો જે જીવાત્મા કર્મના બંધનથી લેપાયેલો છે એ. જેણે ભગવાનની ભક્તિ કરીને **ભગવાનનો રાજીપો** મેળવી લીધો છે, ભગવાનના રંગે રંગાઈને ભગવાનના સ્વરૂપમાં આત્મીયતાથી એકાત્મપણે જોડાઈ ગયો છે એવો ભગવાનનો ભક્ત જેને શાસ્ત્રો 'મુક્ત' શબ્દથી સંબોધે છે એવા મુક્તને ફરીવાર આ જગતમાં જન્મ લેવાનો વારો આવતો નથી. એ મુક્ત થવાની પ્રક્રિયાને જન્મ-મરણના ચક્રમાં ભટકેલો જીવાત્મા છે, એને જીવના કલ્યાણની વ્યાખ્યા શાસ્ત્રોએ જુદી સમજાવી છે. પણ જેને આધ્યાત્મિક દૃષ્ટિએ મોક્ષ જેને શાસ્ત્રોએ સમજાવ્યો છે, જેનું ઉત્થાન સમજાવ્યું છે એ જીવાત્મા પુનઃ પછી ભગવાનની ઈચ્છાએ કરીને આવે. આપણે જેમ કહીએ છીએ કે, શ્રીજીમહારાજ આ ધરા ઉપર પધાર્યા ત્યારે પાંચસો-પાંચસો પરમહંસોને પોતાની સાથે લાવ્યા. એ અક્ષરધામના મુક્તો ભગવાનની આજ્ઞાએ કરીને આવ્યા, પણ કર્મના બંધને લેપાઈને આવ્યા નથી.

જ્યારે જીવાત્મા કર્મના બંધનમાંથી લેપાય છે, જ્યાં સુધી મુક્ત નથી થતો ત્યાં સુધી એ સ્થિતિમાં જીવાત્મા નથી આવતો. એટલે એ **સ્થિતિ**ને **નિર્માણ** કરવાનું **કાર્ય** એ આ **સત્સંગ**માં થાય છે. એ ભગવાનના સાન્નિધ્યમાં કથા-વાર્તા, ભજન-ભક્તિ, ઉપાસના, ઉત્સવ-સમૈયાના માધ્યમે કરીને જીવાત્મા કર્મના બંધનમાંથી મુક્ત થાય છે અને પરમાત્મામાં જીવાત્માને રતિ-પ્રીતિ કાયમ જળવાય રહે એના માટેનો દાખડો છે. એટલે બધા ભક્તોએ કથાનું સુંદર રીતે રસપાન કર્યું છે. આ કથાની પૂર્ણાહુતિ તો થઈ જશે પણ આપણા જીવનમાં આ કથા હંમેશાને માટે સમાય જાય, વણાય જાય એવું જો આપણે જીવન જીવીએ તો હરિ બિલ્ડર્સના **હરીશભાઈ** કે **વાલજીભાઈ** આદિક ભક્તોનો કરેલો **દાખડો** સાર્થક છે. બધા ભક્તોએ સમય આપીને કથાનું શ્રવણ કર્યું છે, અમારા સંતો-પાર્ષદોએ ભારતથી અહિંયા આવીને આ બધું **આયોજન** કરીને **મહેનત** કરી છે - આ બધું **સાર્થક** ત્યારે થાય કે આમાંથી બે શબ્દો આપણા જીવનમાં વણાઈ જાય. આપણા જીવનમાં ઉતરી જાય અને એના માધ્યમે કરીને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણમાં આપણી લગની લાગી જાય તો આ બધો દાખડો સફળ છે.

આજે એટલું ચોક્કસ કહીશ કે, અમે કદાચ અહીં આવીએ ન આવીએ પણ જ્યારે જ્યારે આમાંથી ઘણા હરિભક્તો સિસલ્સથી જ્યારે ભારત આવતા ત્યારે અમે તમારા **ખબર-અંતર** પૂછેલા છે. જેમ ભારતમાં નજીક જે દીકરો રહેતો હોય એની ચિંતા તો માવતરને હોય જ, પણ પરદેશ રહેતો હોય એની ચિંતા વધારે હોય એમ તમે બધા અમારા **સત્સંગના બાળકો** છો. વિદેશની ધરતી ઉપર રહો છો અને તમને **સત્સંગનું પોષણ**

કેમ મળે એની ખેવના, એની ચિંતા અમને કાયમ થતી હોય છે. જેથી અમો હંમેશા ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરીએ છીએ કે અમારા વિદેશના ભક્તોને ખૂબ ક્ષેમ-આયુ-આરોગ્ય-ઐશ્વર્ય અભિવૃદ્ધિ કરાવજો. એમને નિયમ-નિશ્ચય-પક્ષમાં દઢતા રખાવજો અને સર્વ રીતે એમને દરેકને સુખિયા કરજો. જેથી એ **નિર્વિઘ્ન** આપની **ભક્તિ** કરી શકે.

આમ તો અમારી સિસલ્સના ભક્તો સાથે **પ્રથમ મુલાકાત** છે, પણ મનને એવું લાગે છે ઘણા વર્ષો જૂના **સંબંધો** હોય; એવો ભાસ થાય છે. એનું જો કોઈ કારણ હોય તો એટલું છે કે આપણી **સાચા હૃદયની સગાઈ** છે. શરીરની સગાઈ માત્ર નથી, હૃદયની સગાઈ છે અને હૃદયની સગાઈ એ **આત્માની સગાઈ** એ કાયમ માટે જળવાય રહે એવી વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં **પ્રાર્થના સહ** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. ગાદીવાળા માતુશ્રી તથા અમારા સમસ્ત ધર્મકુળ પરિવાર વતી તમને સૌને **ખૂબ-ખૂબ** હૃદયથી **શુભાશીર્વાદ.**



**ભવરોગ મટાડનાર** કોઇ **ઔષધ** હોય તોપણ આ શ્રીમદ્ **સત્સંગિજીવન કથા** છે. પરંતુ દરેક ઔષધનું એક નિદાન ત્યારે થયું ગણાય, એનું સાર્થકપણું ત્યારે થયું ગણાય કે જ્યારે એ ઔષધિને આપણે ગ્રહણ કરીએ.

## :: તા. ૧૪-૮-૨૦૧૫ ::

ભગવાન શ્રીહરિની પૂર્ણકૃપાથી યજમાન **હરિ બિલ્ડર્સ પરિવાર**ના શુભ સંકલ્પથી આયોજીત **શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ** જેનું સાત-સાત દિવસથી આપણે સૌ **રસપાન** કરી રહ્યા છીએ આજે એની **પૂર્ણાહુતિ**નો **પ્રસંગ** છે. કથાનો જ્યારે પ્રસંગ પ્રારંભ થાય એટલે આપણને સૌને ખ્યાલ છે એની મર્યાદા છે કે કથાપઠનમાં એની પૂર્ણાહુતિ કરવી પડે. પરંતુ સુજ્ઞ વિદ્વાન લોકોએ આ વાત વારંવાર સમજાવી છે કે, કથા એ કેવળ શ્રવણ માટે નથી. કથા જીવનમાં ઉતારવા માટે છે; અને એ પ્રમાણે આપણા જીવનને આપણે કેળવીએ. આ સંસારમાં ઘણી વસ્તુ એવી છે કે, જે મિષ્ટ હોય, ભાવતી હોય, ગમતી હોય, મીઠી હોય. અને સંસારમાં ઘણી વસ્તુઓ એવી પણ છે જે ઈષ્ટ હોય, સારી હોય, ગુણકર્તા હોય. આ કથા એક એવું રસપાન છે જે મિષ્ટ પણ છે ને ઈષ્ટ પણ છે, આ કથા ગુણકર્તા છે અને આનંદ પમાડનારી પણ છે. ભગવાનના ચરિત્રોમાં અને ભગવાનના સ્વરૂપમાં જ્યારે તલ્લીન બની જીવાત્મા આત્મવિભોરની અનુભૂતિ કરે ત્યારે ભગવાનના દર્શન થાય છે અને ત્યારે જ મનમાં **પરમ શાંતિની અનુભૂતિ** થાય છે. અને એ શાંતિ એવી હોય કે જેનો જોટો આપણે કદાચ આ વિશ્વમાં કોઈ પદાર્થથી સંતોષ ને શાંતિ મેળવવા પ્રયત્ન કરીએ તો એની અનુભૂતિ ન થાય એવી પરમાત્માના ચરિત્રોથી આપણને મનમાં **પરમશાંતિ** થાય છે.

ઈષ્ટ એટલા માટે છે કે, ભવસાગરથી જીવાત્માને - જન્મ-જન્માંતરના ફેરામાંથી જીવાત્માને મુક્ત કરાવી પરબ્રહ્મ પુરુષોત્તમ-નારાયણના ચરણારવિંદ સુધી પહોંચાડે, કાળ-કર્મ ને માયાના બંધનમાંથી મુક્ત કરે, જીવાત્માને આ ભવરોગ મટાડી પરબ્રહ્મ પરમાત્માના સુખે સુખિયા કરે છે. અને **ભવરોગ મટાડનાર** કોઈ **ઔષધ** હોય તોપણ આ શ્રીમદ્ **સત્સંગિજીવન કથા** છે. પરંતુ દરેક ઔષધનું એક નિદાન ત્યારે થયું ગણાય, એનું સાર્થકપણું ત્યારે થયું ગણાય કે જ્યારે એ ઔષધિને આપણે ગ્રહણ કરીએ.

ભગવાનને પ્રસન્ન કરવાના જે **પ્રમાણભૂત સાધનો** સત્શાસ્ત્રોએ આપણને બતાવ્યા છે એ સાધનનો કેવી રીતે **ઉપયોગ** કરીએ ? તો શ્રીજીમહારાજ વચનામૃતમાં તે વાતને સમજાવતા કહે છે કે, જીવાત્માનું કલ્યાણ તો **ભગવાનની કૃપા**એ કરીને થાય છે. પણ એ ભગવાનની કૃપા જીવાત્મા પર ઉતરે કઈ રીતે ? તો ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય વગેરે જે **સાધનો** ધર્મગ્રંથોએ ભગવાનને પ્રસન્ન કરવાના બતાવ્યા છે એને જીવાત્મા જ્યારે પોતાના જીવનમાં જીવે, એને અનુસરે ત્યારે ભગવાનનો **રાજીપો** જીવાત્મા ઉપર ઉતરે છે. શાસ્ત્રોમાં ભગવાનને રાજી કરવા **નવધા પ્રકારની ભક્તિ** બતાવી છે : 'श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।' ભગવાનની કથાનું શ્રવણ કરવું, કીર્તન કરવું, સ્મરણ કરવું, પાદસેવન કરવું, અર્ચન કરવું, દાસપણે સેવા કરવી, ભગવાનને સખાભાવે સેવા કરવી અને છેલ્લે **'આત્મનિવેદનમ્'** જ્યારે બધાય સાધનો પૂરા થઈ જાયને ત્યારે પોતાની જાતને આત્માને નિવેદન એટલે કે ભગવાનને સમર્પિત કરી દો : એ 'આત્મનિવેદનમ્.'

There are different kind of philosophy in the world, but each philosophy ends to the one end

and that is the end of Lord -Almighty - God.

See, there are two keys of success one is discipline... મર્યાદા. શાસ્ત્રોએ એને મર્યાદા કીધી છે, ધર્મ કીધો છે. And second is a performance towards your duty, if you follows this two rules, follows the discipline. See, if you think of your body. Your body is an institute, is an organization which has all 'Karmendriyas and Gyanendriyas' within itself. If all the indriyas, if your eye sees, the things which has to be seen, avoid the things which are not good for the eyes to see. If your hand works the things to do and avoid the things which are not to be done. If this discipline is followed by you and the performance is the loyalty and faith in your duties towards your duties, when you do certain things, you do with your full dignity and full efforts then these two keys leads you to the success. If you think beyond your body then if you think of your family, then family also has some certain culture. If you go beyond the family, if you cross the limit of the family then there is a society. A society has its culture, its discipline. It has every individual as a part of duty to play. Every individual has a part to perform. If you think beyond the society then this comes a nation, then it comes a universe and so and so forth.

But on every stage, if one person thinks that he wants to get success, he wants to get piousness then he has to follow these two things. This principle can be relate with anything whether it is your political life whether it is your, whatever means you are working in; if you follow these two principles then definitely success will touch your feet and this is how what our religion teaches us.

Our honourable minister said one thing, we as a family oneness, unity between the nature. Our Indian philosophy also said the same thing. 'વસુધૈવ કુટુંબકમ્' this entire universe is like a family and we talk about the every individual, all the living creatures, non-living creatures everything which covers under the word " universe " and such and so forth we always work the betterment of our society as well as our universe.

Let us pray the god that... આમ તો બધા ભારત, લંડન, કેનેડા, કેન્યા, દુબઈ વગેરે બીજા દેશોથી આવ્યા છે. ફરવા માટે આ પર્યટકસ્થાન છે એટલે અહીંની સુંદરતાને માણવા માટે તો ઘણાય આવ્યા હશે But I think this might be the first event in sports complex that even we are not, see sport is basically to fit yourself, your body right? Here we are felting our mind and our heart to be pure and pious and that is why all event, the all credit goes to our... **યજમાન પરિવાર - હરિ બિલ્ડર્સ.**

એમણે આ afford કર્યો ને આપણને બધાને લાભ અપાવ્યો. આપણે બધા **ધન્યભાગી** બન્યા છીએ. જેમ નિત્યસ્વરૂપ સ્વામીએ વાત કરી કે, કથા એ સાંભળવી બહુ રોચક છે અને એને ગાવી પણ એટલી રોચક છે. તમને જેમ એનો સાંભળવાનો આનંદ થાય, અમને પણ આનંદ થાય. પ્રેમાનંદ સ્વામીએ નવાબના દરબારમાં કવ્વાલીનું ગાન કર્યું તે પ્રસંગને આંખ બંધ કરીને એ દૃશ્યની સ્મૃતિ કરીએ તો આપણા અંગોઅંગના રૂવાડાં ખડા થઈ જાય, રોમાંચિત થઈ જવાય. ભગવાન શ્રીહરિના **સાક્ષાત્કાર** - પ્રગટપણાની **અનુભૂતિ** આપણને થાય. જેની સમક્ષ બેસી ભગવાન શ્રીહરિના સંતો-ભક્તોએ **ભક્તિ-આરાધના-પૂજન** કર્યું છે આજે એ આપણને **વારસો** મળ્યો છે. માટે દરેક ભક્તોને અમારી એ જ **ભલામણ** છે. સંતોએ પણ બહુ ટકોર કરી છે કે, કથા આજે ભલે વિરામ થાય, પણ આપણા જીવનમાં કથાના સિદ્ધાંતો, ભગવાન શ્રીહરિ સ્થાપિત સંપ્રદાયના સિદ્ધાંતો-મર્યાદા, ઉપાસના-ભક્તિની રીત એ ક્યારેય વિરામ ન પામે. અને અવિરતપણે આપણે એને અનુસરતા રહીએ એવી **વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ**ના શ્રીચરણોમાં **પ્રાર્થના સહ** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. ગાદીવાળા માતુશ્રી તથા અમારા સમસ્ત ધર્મકુળ પરિવાર વતી તમને સૌને ખૂબ-ખૂબ હૃદયથી **શુભાશીર્વાદ.**

## :: તા. ૧૫-૮-૨૦૧૫ (સ્વતંત્રતાદિન) ::

આજે આપણી માતૃભૂમિ, આપણો **ભારત દેશ** એને સ્વતંત્ર થયાના **૬૮ વર્ષ** પૂર્ણ થતાં હોય ત્યારે આજના દિવસે આપણા સૌના હૃદયમાં એક **સ્વાભિમાન** અને **ગૌરવ**ની **અનુભૂતિ** કરાવે છે. મહાભારતમાં એક બહુ સુંદર **પ્રસંગ** આવે છે : જ્યારે મહાભારતનું યુદ્ધ ચાલતું હતું ત્યારે ભીષ્મપિતામહને બાણશૈયા પર સૂવાનો અવસર આવ્યો એટલે (તે પૂર્વે) એમને પૂર્વનિર્ધારિત પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું કે, ભીષ્મપિતામહે તમારા વિજયનું જે વરદાન આપ્યું છે એ પાછું આપી દો. પછી જ્યારે પાંડવો ભીષ્મપિતામહને વરદાન પાછું લેવાનું કહ્યું ત્યારે ભીષ્મપિતામહ કારણ પૂછે છે. ત્યારે પાંડવો કહે છે કે, અમારી ને વિજયની વચ્ચે મોટી ઢાલ તમે છો, તમારું વરદાન છે. અને તમારા વરદાનની આગળ તમે જ ઢાલ થઈને ઊભા છો, માટે એ વરદાન સફળ ન થાય. પછી ભીષ્મપિતામહે એ વરદાનનો માર્ગ કાઢતા કહ્યું કે, હું સ્ત્રી ઉપર શસ્ત્ર નહિ ઉપાડું.

આ વરદાન પામીને પાંડવો પાછા પોતાના તંબુમાં આવ્યા. પછી ભીષ્મપિતામહે પોતાની સેવામાં રહેલા ચાકરોને બોલાવ્યા ને કહ્યું : 'આજથી હું તમને સ્વતંત્ર કરું છું.' ભીષ્મપિતામહ જેવા ધર્મવાન વ્યક્તિ હોય ને એમની સેવાનો અવસર મળ્યો હોય એટલે સ્વાભાવિક રીતે ચાકરોને ગુલામ જેવો અનુભવ ન થતો હોય. એટલે બધાએ ભેગા થઈને પ્રશ્ન કર્યો કે, અમારો એવો શો કસૂર થયો, અમારી એવી શી ક્ષતિ થઈ ગઈ કે તમે સેવામાંથી અમને મુક્ત કરો છો. ત્યારે ભીષ્મપિતામહ કહે છે કે, આ સંસારમાં ગુલામી જેવું કલંક બીજું કોઈ નથી.

આ જગતમાં સૌથી મોટામાં મોટું જો કોઈ કલંક હોય તો તે ગુલામ થવાનું છે. આ મહત્તા **સ્વતંત્રતા**ની ક્યારે સમજાય ? જ્યારે ગુલામીના કલંકની **મહત્તા** સમજાય ત્યારે આપણને થાય કે આપણે જે મેળવ્યું છે ને એને મેળવવા માટે આપણા પૂર્વજોએ જે **ભોગ** અને **બલિદાન** આપ્યા છે એની કીંમત શું છે !! એ જ્યારે સ્વતંત્રતાની કીંમત સમજાય ત્યારે એની મહત્તા સમજાય છે.

આજના દિવસે આપણે એ **તમામ** જેણે પોતાના નિજી સુખનો ત્યાગ કરી દેશ માટે કુરબાની આપી એવા બધા **શહીદો**ને અને જેણે પોતાના સર્વસ્વ જીવનનો ત્યાગ કર્યો હતો એમને આપણી **માતૃભૂમિ** ને **ભારત**ની **ગરિમા** કેટલી હતી એ તો જ્યારે ઈતિહાસોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીએ ત્યારે ખબર પડે.

'ભારત વર્ષે જંબુદ્વીપે નૈમિષારણ્યક્ષેત્રે આર્યાવર્તાન્તર્ગત બ્રહ્માવર્તૈકદેશે-કુમારિકાક્ષેત્રે ભારતદેશે...' એટલે **ભારતવર્ષ**ની જે **વ્યાખ્યા** હતી એ તો બહુ વિશાળ છે. એની કીર્તિ, એની આભા, એની ઝાંખી, ભારતનું જે ગૌરવ હતું એ ક્યાં ક્યાં સુધી અંકાયેલું હતું એ જ્યારે આપણે આપણા **ઈતિહાસ** જોઈએ ત્યારે ખબર પડે. જો કે એવો સમય અત્યારે નથી પણ એ ઈતિહાસમાં જ્યારે આપણે દૃષ્ટિ કરીએ ત્યારે આપણને ખબર પડે કે, એવો સુંદર આપણો જે દેશ, સર્વનો **ગુરુ દેશ** તરીકે જેને શાસ્ત્રોએ સંબોધિત કર્યો છે એવો દેશ કાળાંતરે જ્યારે ગુલામીના સકંજામાં સપડાયો ત્યારે એને **ખૂબ જહેમત** કરી ખૂબ સહન કરી ખૂબ દુઃખ ભોગવીને એને **આઝાદી** અપાવી છે. આજે એનું **ફળ** આપણે બધા ચાખી રહ્યા છીએ એ માટે આજના દિવસે ખરેખર એ તમામ સ્વતંત્રતા સૈનિકો જે સ્વતંત્રતાના યોગદાનમાં પોતાના બલિદાનો આપ્યા છે, જેણે આહુતિઓ આપી છે એના આપણે બધા જ **ઋણી** છીએ અને આજે આપણે એમના ઋણને અદા કરવાનો એક **યત્કિંચિત પ્રયત્ન** કરીએ છીએ.

આજે એક વાત **ચોક્કસ** કહીશ કે, 'ભારત ગુલામ થયું... ગુલામ થયું.... ગુલામ થયું... એમ બધાય જાણીએ છીએ. પણ એ **ગુલામ** થવાની પાછળનું કારણ બહુ મહત્ત્વનું છે. જ્યાં સુધી એ **કારણ**ને આપણે **નિવારણ** નહીં કરીએ ત્યાં સુધી આપણે વાસ્તવિક સ્વરૂપમાં ગુલામીમાંથી આઝાદ નથી થવાના.' એ વખતનો એક પ્રસંગ છે : કોઈ બ્રિટીશ શાસક ગવર્નર હતા. એમણે બ્રિટીશ પાર્લામેન્ટમાં **એક પત્ર** લખ્યો હતો. પત્રમાં એમણે **ઉલ્લેખ** કર્યો હતો કે મેં ભારતનો ઉત્તરથી દક્ષિણ સુધી અને પૂર્વથી પશ્ચિમ સુધી મેં આખો પ્રવાસ કરીને ભારતને આંક્યું છે. અને હું મારો **અભિપ્રાય** આપું છે કે આ દેશમાં જે ચારિત્રતાની અને જે સંસ્કૃતિની ધરોહર છે, એની જે **પરંપરાની ધરોહર** છે એ ધરોહર સાથે વ્યકિતઓને **અંતરથી લગાવ** છે. એની ધર્મમર્યાદા હોય, એની વ્યવહાર મર્યાદા હોય કે એની સામાજિક વ્યવસ્થાની મર્યાદા હોય એ બધામાં જે **ધર્મપરાયણપણું** છે એટલે કે પ્રામાણિકતાપણુંનું **ચારિત્ર્યશીલતા** છે ત્યાં સુધી અકબંધ છે ને ત્યાં સુધી ભારતને ગુલામ બનાવવો એ સ્વપ્ન જ રહેવાનું છે અને એ ક્યારેય શક્ય બનવાનું નથી. અને જો એને તોડવું હોય તો જેને 'Backbone' કહે છે એને તોડવી પડે અને પછી એનો પ્રથમનો ઘા ક્યાં કરવો જોઈએ ? તો સંસ્કૃતિનું સિંચન ક્યાંથી થાય છે એ જાણવું જરૂરી છે.

આપણી આધ્યાત્મિક પરંપરાઓ, ધાર્મિક પરંપરાઓ, ગુરુકુળો કે જ્યાં બાળકોને રાષ્ટ્રપ્રેમના - માનવપ્રેમના - સત્યના ને સિદ્ધાંતના પીયુષ પાવામાં આવતા હતા. ત્યાંથી એના જે અંકુર-બીજ ફૂટે છે અને એટલે જ એણે સૌથી પહેલા **ભારતીય શિક્ષણ પરંપરા** હતી એમાં મોટો **ધરખમ ફેરફાર** કરાવ્યો અને ત્યારપછી આપણી જે **સંસ્કૃતિ** હતી એ ધીરે ધીરે **લુપ્ત** થતી ગઈ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ આવી ગઈ. અમો ગ્લોબલાઈઝેશન-વૈશ્વિકીકરણ કે આધુનિક શિક્ષણ પદ્ધતિની ટીકા નથી કરતા, પરંતુ જે વાત કરીએ છીએ એ આપણી ધરોહરની છે. જે ધરોહરના કારણે ભારતવર્ષ એ સમગ્ર વિશ્વમાં ગુરુસ્થાને હતો. આપણી તક્ષશિલા જેવી યુનિવર્સિટીઓ આજથી યુગો પહેલા સમગ્ર વિશ્વને નેતૃત્વ પૂરું પાડતી હતી. એની વિચારશક્તિ, એની સમજણશક્તિ, એની દીર્ઘદૃષ્ટિતા કેટલી પ્રબળ હશે એ જમાનામાં કે આ યુગોના યુગો સુધી એને જો અનુસરીએ તો એમાં ક્યારેય કોઈને વિક્ષેપ ન પડે ને સર્વને પોતાનો ન્યાય-અધિકાર પ્રાપ્ત થાય એવી વિચારધારાથી જે ચાલનાર દેશ અને એની જે વ્યવસ્થા એને ખંડિત કરીને પરિણામે ગુલામી આવી ને ગુલામીમાં આપણા પૂર્વજોએ કેટલાય કષ્ટ સહન કર્યા એ ઈતિહાસને આપણે જાણીએ છીએ. કદાચ એ કષ્ટોને અનુભવ્યા નથી પણ વાંચીને સાંભળીને એને મહેસુસ ચોક્કસ કરી શકીએ છીએ. અને આજે એમાંથી આપણે આઝાદ થયા છીએ પણ આ માત્ર દેહની આઝાદી છે. આઝાદીની કીંમત ખૂબ ચૂકવી છે અને આઝાદીનું મહત્ત્વ પણ ખૂબ છે.

સંસારમાં આજે આપણે ગૌરવથી જો માથું ઊંચું કરીને ચાલી શકતા હોઈએ તો તેનું કારણ આપણે સ્વતંત્ર છીએ. પણ આ માત્ર શરીરની સ્વતંત્રતા સુધી સીમિત ન રાખીએ. આજે યોગ બહુ સુંદર સમન્વય થયો છે. એકબાજુ આપણે શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણની પૂર્ણાહુતિ કરી અને આજે

૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતાદિન ઉજવણી કરી રહ્યા છીએ. ધર્મ છે તે હંમેશા જીવનમાં માર્ગદષ્ટા તરીકે રહે છે. શરીરમાં, વ્યવહારમાં અને સમાજમાં મુક્તપણું, સ્વતંત્રતાપણું કદાચ અનુભવ કરાવાતું હોય પણ જ્યાં સુધી વ્યક્તિ પોતાના અંતઃશત્રુઓ જે કામ-ક્રોધ-લોભ-મોહ-માયા-મત્સર-ઈર્ષ્યા-તૃષ્ણાના ગુલામ છીએ ત્યાં સુધી જીવાત્મા વાસ્તવિક સ્વતંત્ર થઈ શક્યો નથી. અને એ સ્વતંત્રતા આપવાનું કામ આપણું આધ્યાત્મિક જગત કરે છે, આપણી ભારતીય સંસ્કૃતિ કરે છે, આપણા ધર્મગ્રંથો કરે છે. આ કેવળ ભારતીયો માટે સીમિત છે એવું નથી. વિશ્વના કોઈ ખૂણાના કોઈ પણ દેશનો કોઈ નાગરિક જો આ સિદ્ધાંતોને પોતાના જીવનમાં અપનાવે તો એના જીવનમાં પણ ઉન્નતિ અને ઉત્થાનના કાર્યો થઈ શકે છે.

આજે સિસલ્સમાં **ભારતીય રાષ્ટ્રપર્વ** આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે એક પ્રસંગ યાદ કરીશ :

સ્વતંત્રતાની ચળવળો ચાલતી હતી ત્યારનો **એક પ્રસંગ** છે. ભારતની **સ્વતંત્રતાની લડાઈ** ચાલુ હતી. તેમાં જેમણે પોતાનું **આગવું સ્થાન** ધરાવ્યું હતું એવા એક સ્વતંત્રતા સેનાનીનું **બહુમાન** કરવા માટે દેશના તમામ નાગરિકોને એકત્રિત કરવામાં આવ્યા હતા. અને તે સ્વતંત્રતા સેનાનીને બધા જોઈ શકે તે રીતે બગીમાં બેસાડીને સભા વચ્ચેથી મંચ સુધી લઈ જવાના હતા. સભા વચ્ચેથી તેઓ પસાર થતા હતા. આખી સભા તેમને વધાઈઓ આપતી હતી. તેઓ સૌના **પ્રેમ-ભાવ**ને સ્વીકારતા ત્યાંથી મંચ સુધી જતા હતા ત્યાં જ બગીના પૈડાનો ખીલો નીકળી ગયો. બધા મૂંઝાયા કે હવે શું કરીશું. તેઓને નીચે ચાલીને લઈ જશું તો કોઈ તેમને જોઈ શકશે નહિ અને બગી તો હવે ચાલે તેમ નથી. આ વિચાર કરતા હતા ત્યાં જ તે ભીડ વચ્ચેથી એક **કિશોરવય**નો **વ્યક્તિ** બહાર આવ્યો.અને કહેવા લાગ્યો કે, **"તમે કોઈ મૂંઝાશો નહિ, હું મારા ખભા ઉપર બેસાડીને સ્વતંત્રતાવીરને મંચ સુધી લઈ જઈશ."** પેલો યુવાન તે સ્વતંત્રતાવીરને પોતાના ખભા ઉપર બેસાડીને મંચ સુધી લઈ ગયો. મંચ ઉપર પહોંચીને જ્યાં તેમને નીચે ઉતાર્યા અને તે વડીલે તે યુવાનના પગ સામે જોયું તો તેના પગમાંથી લોહી વહી રહ્યું હતું. પેલા વડીલે લોહી નીકળવાનું **કારણ** પૂછ્યું ત્યારે યુવાને કહ્યું :- "મેં પગમાં પહેરેલા ચપ્પલમાં ખીલ્લી હતી તે આપને મારા ખભા ઉપર બેસાર્યા તેથી વજન વધી જવાથી ખીલ્લી ચપ્પલમાંથી નીકળી મારા પગના તળીયામાં પ્રવેશી ગઈ, તેથી લોહી નીકળ્યું." આ સાંભળી પેલા વડીલ **સ્વતંત્રતાવીર** કહે :- "અરે ! તારે મને નીચે ઉતારી દેવો જોઈએને !" ત્યારે પેલા યુવાનના મુખમાંથી ખુમારીભર્યા શબ્દો નીકળ્યા :- "આપ જેવા **સ્વતંત્રતાવીર** મારા ખભા પર બેઠા હોય ત્યારે **તમારી સુરક્ષા એજ મારી સુરક્ષા** હોય. તે સમયે મારા દુઃખની સામે મારે ન જોવાનું હોય."


તમે આ વ્યક્તિ કોણ હતી તે જાણો છો ? ખભા ઉપર જે વડીલ સ્વંતત્રતા સેનાની બેઠા હતા તે - **પંડિત શ્રી લોકમાન્ય તિલક**. અને જે કિશોરવયનો યુવાન હતો - **શ્રી રામપ્રસાદ બિસ્મિલ્લા**. આ એમના જીવનનો **પ્રત્યક્ષ દાખલો** છે. યુવાનના શબ્દો સાંભળીને તે સમયે પં. શ્રી લોકમાન્ય તિલકે કહ્યું :- "હવે ભારતની આઝાદીને કોઈ તાકાત રોકી શકે તેમ નથી. કારણ કે **તમારા જેવા યુવાનોના ખભા ઉપર** એની જવાબદારી છે."

આ ભારતની આઝાદીનો એક એવો ઈતિહાસ બની ગયો કે જેને સ્વતંત્રતા સંગ્રામમાં આવા **તરવૈયા યુવાનો** જેણે પોતાનું **'ચાહોમ કરીને પડો ફતેહ છે આગે.'** રાષ્ટ્રીયકવિ શ્રી **ઝવેરચંદ મેઘાણી**ની એક સૂક્તિ બહુ સુંદર છે : **'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે આટલી કે માભોમની હાકલ પડી છે...'** આ સંસારમાં જ્યારે માતૃત્વ, રાષ્ટ્રભાવનાની વાત આવે છે ત્યારે આપણે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર યુવાનોના બલિદાનોને યાદ કરીએ. એના થકી આપણી ઓળખાણ છે, એ માટીમાંથી આપણે ઊભા થયા છીએ.માટે એના ગૌરવ અને હિત માટે જ કાર્ય કરવું.

ભારતીયોને એક **વિશેષ વિશેષતા** એ છે કે, આપણે જ્યાં જઈએ છીએ ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી જઈએ છીએ. દૂધમાં સાકર ભળે પણ સાકર પોતાની મીઠાશ છોડતું નથી. એ દૂધને ગળ્યું કરી નાખે. જો સાકર ન હોય તો દૂધ કેવું લાગે ? તમે બધાએ જો સીધું દોયેલું દૂધ ચાખ્યું હોય તો ખબર હશે : દૂધ મોળું હોય ! પરંતુ જ્યારે સાકર ભળે ત્યારે દૂધમાં મીઠાશ આવે છે ને પોતાના મીઠાશથી જેમાં ભળે એમાં મીઠાશ કરે છે. આજે સિસલ્સને પણ અમારા ભક્તોએ, અમારા ગુજરાતીઓએ, અમારા ભારતીયોએ મીઠું કરી દીધું છે. આ આપણી **ગૌરવની વાત** છે પણ આનો પાયો **આપણી સંસ્કૃતિ** છે. જેના કારણે આપણે ગુલાબ બન્યા છીએ અને ભૌતિકવાદમાં કદાચ આપણે સ્વતંત્ર બન્યા હોઈએ, પરંતુ હજુ પણ ક્યાંક આપણે અંતઃશત્રુઓના ગુલામ રહ્યા છીએ. ઈન્દ્રિયો-અંતઃકરણ-મનના ગુલામ બનીને રહ્યા છીએ. એ ગુલામીમાંથી સ્વતંત્ર થવું હોય ત્યારે એ **વાસ્તવિક સ્વતંત્રતા** આપણને **અનુભવ** કરાવશે અને એવું સુંદર કાર્ય આજે આ **શ્રીમદ્ સત્સંગિજીવન કથાના** માધ્યમથી **સંસ્કાર સ્વરૂપી સિંચન** દ્વારા થઈ રહ્યું છે.

ધર્મ એ કોઈ સંપ્રદાય સુધી સીમિત નથી હોતો. શ્રીજીમહારાજે શિક્ષાપત્રી લખી ત્યારે એવું નથી વિચાર્યું કે તિલક-ચાંદલો કરનારનું જ હિત થાય એના માટે લખું. પરંતુ **ભગવાન શ્રીહરિ** કહે છે કે, **'સર્વજીવહિતાવહ'** - જીવપ્રાણીમાત્ર આ શિક્ષાપત્રીને અનુસરે તો તેનું કલ્યાણ થશે. એવી વિશાળ ભાવના રહેલી છે. આપણી જે સંસ્કૃતિ - તેમાં પછી રામાયણની **પરંપરા** હોય કે ભાગવતની પરંપરા હોય, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગિજીવન ગ્રંથની પરંપરા હોય

કે વેદ-ઉપનિષદની પરંપરા હોય. પણ એ પરંપરાઓને જેણે મૂળથી પકડી રાખી છે અને એમાંથી **પીયુષ** પી-પીને જે આગળ વધે છે એના જીવનમાં કાયમ **પ્રકાશ** જ રહેવાનો છે, કાયમ એના જીવનનું **ઉત્થાન** જ થવાનું છે. એ સંસ્કૃતિનો માર્ગ મૂકીને જે ચાલ્યા એના જીવનમાં કર્મના સિદ્ધાંત પ્રમાણે થશે. પરંતુ આપણે **ભાગ્યશાળી** છીએ કે, આપણને ભારતદેશની નાગરિકતા અથવા તો એની ઓળખાણ સાથે આપણી **પહેચાન** છે. અને ભારતભૂમિમાં **ભગવાનના અવતારો** પ્રગટ થયા છે. આ વિશાળ દુનિયા છે તેમાં ઘણા સુંદર રાષ્ટ્રો ને દેશો છે પણ ભગવાન પ્રગટ થવાનું પસંદ કરે તો ક્યાં કરે ? ભગવાનના અવતારો થાય તો ભારત દેશમાં જ થાય છે. પરમાત્માની દૃષ્ટિ પડે તો **ભારત દેશ** પર પડે છે. કારણ કે, ભારત એ **તપની ભૂમિ** છે, **કલ્યાણની ભૂમિ** છે, **ભક્તિની ભૂમિ** છે, **સમર્પણની ભૂમિ** છે. એ ભૂમિની માટીમાંથી આપણે બન્યા છીએ એ આપણા માટે **ગૌરવની વાત** છે. એટલે વિશેષ **આજના દિવસે** સમગ્ર ભારતવાસીઓને અમારી **ભારતની સ્વતંત્રતાદિનની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.**



શરીરમાં, વ્યવહારમાં અને સમાજમાં મુક્તપણું, સ્વતંત્રતાપણું કદાચ અનુભવ કરાવાતું હોય પણ જ્યાં સુધી વ્યક્તિ પોતાના અંતઃશત્રુઓ જે કામ–ક્રોધ–લોભ–મોહ–માયા–મત્સર–ઈર્ષ્યા–તૃષ્ણાના ગુલામ છીએ ત્યાં સુધી જીવાત્મા વાસ્તવિક સ્વતંત્ર થઈ શક્યો નથી. અને એ સ્વતંત્રતા આપવાનું કામ આપણું આધ્યાત્મિક જગત કરે છે.

ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરીએ કે, અમે જેમ શરીરથી આઝાદ કે સ્વતંત્ર થયા એમ મનથી પણ અમે અંતઃશત્રુઓથી કાયમ સ્વતંત્ર રહીએ. અને આપની ઉપાસના-ભક્તિમાં અમે હંમેશા રત રહીએ એવી અમારા ઉપર કૃપા કરજો.

વિશેષ આપણા માટે જેણે આ નિમિત્ત ઊભું કર્યું એવા **હરિ બિલ્ડર્સ** એમનો **૨૫મો વાર્ષિક ઉત્સવ** એટલે કે **'રજત જયંતી'** પૂર્ણ થઈ. હમણાં જ વાલજીભાઈએ મને કહ્યું કે, 'બરાબર આજે ૧૧ વાગે જ કંપની રજીસ્ટરનો સિક્કો વાગ્યો' તો ને આજે સભાની શરૂઆત પણ ૧૧ વાગ્યે જ થઈ. રજત જયંતીના અમારા **ખૂબ હાર્દિક અભિનંદન.** આ હરિ બિલ્ડર્સ કંપનીનો મહોત્સવ હતો પણ આ મહોત્સવમાં અમને બધાને જોડ્યા એટલે હરિ બિલ્ડર્સના પરિવારમાં અમને જોડ્યા એના વાલજીભાઈને **ખાસ અભિનંદન** છે. અને સાથે-સાથે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથકથાના માધ્યમથી ભગવાન શ્રીહરિનો મહિમા સમજી, ભગવાન શ્રીહરિના આશ્રિત બનીને અમારા શ્રીહરિના પરિવારમાં જોડાણા એના પણ અભિનંદન. ભગવાન શ્રી સ્વામિનારાયણે અન્યોન્ય એવી **સુંદર વ્યવસ્થા** રચી છે.

આપણા શાસ્ત્રોએ હંમેશા મહત્ત્વ મોક્ષને જ આપ્યું છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. કારણ કે, **પરમગતિ** જ એ છે. એના પછી બીજી કોઈ ગતિ જ શાસ્ત્રોએ બતાવી નથી એટલે એ ગતિને **મહત્તા** આપીએ.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં **બહુ જ સુંદર વાત** સમજાવી છે કે, વ્યક્તિએ રોજ સવારે ઊઠીને પ્રથમ **આત્મચિંતન** કરવું જોઈએ અને આત્મચિંતન કરી પોતાના કલ્યાણ માટે શું જરૂરી છે એના કાર્યો નિર્ધારિત કરવા જોઈએ અને એ કર્યા પછી જે સમય વધે એ **ધર્મ-અર્થ** ને **કામ**ને અર્થે વાપરજો જોઈએ. એટલે કે **કલ્યાણને અગ્રિમતા** આપીને, ઉચ્ચ સ્થાન આપીને બાકીનો સમય ધર્મ-અર્થ અને કામ-વ્યવહાર માટે પણ આપણે કાઢીએ એમાં જરાપણ ખોટું નથી. અહીં નિવાસ કરતા ભક્તો એ ભગવાનની ભક્તિ ને પોતાના આત્મકલ્યાણને ભોગે કોઈ વ્યવહારને પ્રાધાન્યતા નથી આપતા એ વાતનો અમોને ખૂબજ **આનંદ** થયો છે. આ સાત-સાત દિવસથી અમોને જે **સમાચાર** મળ્યા અને અમોએ નિહાળ્યું કે, દરેક કંપનીઓએ પોતાના કામો, ગમે તેટલા મોંઘા ને મહત્ત્વના કેમ ન હોય પણ એને સાઈડ ઉપર મૂકી કથાના સમયે બધા અહિંયા હાજર રહેતા, એમના કર્મચારીઓ - વર્કરો-સ્ટાફ વગેરે બધાને અહિંયા હાજર રહ્યા છે **એ જ બતાવે છે કે** ભગવાનની ભક્તિનો મહિમા અને ભગવાનને રાજી કરવાની જે ખેવના અહિં નિવાસ કરતા ભક્તોમાં રહેલી છે. અમો **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ના ચરણારવિંદમાં **પ્રાર્થના** કરીએ કે, આવોને આવો ભાવ અખંડ દરેક ભક્તોના હૃદયમાં પ્રગટ રહે. હમણાં જ્યારે **રજત જયંતી વર્ષ**ની ઉજવણી કરતા હતા ત્યારે હરીશભાઈએ કહ્યું કે, મીણબત્તીને ઓલવીએ. પરંતુ અમોએ કહ્યું કે, મીણબત્તી નથી ઓલવવી. આપણે તો **પ્રકાશ** પાથરવો છે, આપણે અંધકાર નથી કરવો એટલે આ જ્ઞાનનો પ્રકાશ, સમજણનો પ્રકાશ, ભક્તિનો પ્રકાશ, પ્રેમનો પ્રકાશ, ભગવાન શ્રીહરિની ઉપાસનાનો પ્રકાશ - આ તમામ પ્રકાશ સમગ્ર સત્સંગ સમાજમાં પથરાય, સમગ્ર વિશ્વમાં પથરાય અને એના માધ્યમથી સમગ્ર વિશ્વ સુખિયું થાય, વિશ્વનું કલ્યાણ થાય એવી વડતાલવિહારી **શ્રીહરિકૃષ્ણ મહારાજ,** શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી નરનારાયણ દેવ આદિક દેવોના **શ્રીચરણોમાં પ્રાર્થના** સહ...



## Mr. Me Merito (Sport Minister - Seychelles)

Holiness Lalji Maharaj, all Saint Mandal and all the followers coming from all over the world Good Evening, Jay Swaminarayan. Welcome to the Seychelles to participate in the 25th anniversary of the establishment of Hari Builders.

I am very happy your Holiness that Pujya Swami had given ensured knowledge about Satsangijivan, a holly book which has a lot of teachings about how we should live a spiritual life in this Earth domain. I am told it has 319 chapters in 5 Volume and so many hundreds of verses and I am told that central in it is about the social, moral and spiritual aspects of life that is very important to live as we pass to the next level, In Seychelles your Holiness, Spiritual development is also very central as we travel on the path of nationhood. We know that nature, it is not ours this Earth has been lent to us, for us to respect it and leave it in better position for our children and the children of our children I must told in brief that we believe in simple living and in living a spiritual life.

Thank you for guiding us with your presence Seychelles, the Hindu community and all of us are blessed by this event and blesses with your presence and we congratulate to Hari Builders for having work last 25 years with us in Seychelles. We asked the almighty to bless us to live as one Indians, Chinese, Europeans, Africans in this blessive land, under this blessed Sun, in this blessed planet of Earth.

Thank you very much and have a good evening.

પ.પૂ. લાલજી મહારાજશ્રી, સમગ્ર સંતમંડળ અને સમગ્ર વિશ્વમાંથી પધારેલા તમામ ભક્તોને **જય શ્રી સ્વામિનારાયણ.** હરિ બિલ્ડર્સની સ્થાપનાના **રજત જયંતી વર્ષ**ની **ઉજવણી**માં ભાગ લેવા આવવા બદલ સિસલ્સમાં **આપનું સ્વાગત** છે.

હું ખૂબજ ખુશ છું કે, પૂ. સ્વામી સત્સંગિજીવન ગ્રંથનું **ચોક્કસ જ્ઞાન** આપી રહ્યા છે કે જે પવિત્ર ગ્રંથમાં આપણે આ પૃથ્વી પર રહીને કેવી રીતે **આધ્યાત્મિક જીવન** જીવવું જોઈએ. મને આ ગ્રંથની **માહિતી** આપવામાં આવી છે કે આમાં ૫ પ્રકરણ છે ૩૧૯ અધ્યાયો અને હજારો શ્લોકોથી ભરપૂર છે. આ ગ્રંથમાં મુખ્ય તો આધ્યાત્મિક, સામાજિક અને નૈતિક જીવનની બાબતો વિષે બતાવવામાં આવ્યું છે. તે આપણને વધું સારું જીવન બનાવવા માટે ખૂબજ મહત્ત્વનું છે. સિસલ્સમાં આધ્યાત્મિક વિકાસ પણ મહત્ત્વનો છે. અમે જાણીએ છીએ કે પ્રકૃતિ સાથે એકતા ખૂબ મહત્ત્વની છે. **આ પ્રાકૃતિક સંપત્તિ એ આપણી નથી પણ પરમાત્માએ આપણને આપેલી છે,** તેથી તેને આદર આપીને **આવનારી પેઢીઓ માટે** તેમને વધુ સારી સ્થિતિમાં **વારસારૂપે** આપી શકીએ એવા **પ્રયત્ન** કરીએ છીએ. ટૂંકમાં કહું તો અમે સાદગીથી પણ આધ્યાત્મિકતાની સાથે જીવવામાં માનીએ છીએ. આપ સહુની ઉપસ્થિતિથી અમને માર્ગદર્શન આપવા બદલ **ખૂબ-ખૂબ આભાર.** સિસલ્સમાં વસતા હિન્દુઓ અને અમે સર્વે આ મહોત્સવથી અને તમારી ઉપસ્થિતિથી **સૌભાગ્યશાળી** બન્યા છીએ. **હરિ બિલ્ડર્સ**ના સિસલ્સમાં **૨૫ વર્ષ** પૂર્ણ થવા બદલ **હાર્દિક અભિનંદન** આપું છું. આપણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ કે, અમારી ઉપર કૃપા કરજો કે જેથી અમે સિસલ્સમાં ભારતીય, ચીની, આફ્રિકન અને યુરોપિયન એ તમામ લોકો સાથે મળીને એક બનીને સિસલ્સમાં રહી શકીએ.



## Mr. Aalen Setanz (Tourism Minister - Seychelles)

His Holiness Lalji Maharaj & all Saint Mandal and all the followers, it is my duty as the minister responsible not only for tourism but also for culture to welcome you to Seychelles welcome you all the devotees who are flown out in the Seychelles for the celebration of Hari builders, one of famous builders in our country, Jay Swaminarayan.

Your highness and when I look at this hall tonight with so many devotees, I feel really proud as the Minister responsible for culture, to see how to culture we touch people. Having you in Seychelles today, we affirmed my commitment that as a small country with the diversity that we have people that we are on the track to be an example to the world. We are living totally harmony in Seychelles total harmony and with full respect and I said this as the minister responsible culture because religious belief, this part of culture, today we are receiving you and all the devotees in Seychelles, It is the cultural manifestation and of which Seychelles is proud to have all devotee.

I could not miss the opportunity to congratulate Hari Builders for their Silver Anniversary, He has been a faithful son of Seychelles and he has been part of those worth-being Seychelles what it is today, we need you work your Highness.

Have a good day, Enjoy yourself it is a paradise island, It is as close to paradise that anybody can get, so do enjoy Seychelles, Have a Faithful celebration and I am sure all the devotees here will appreciate this celebration, Thank you very much.

પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-હરિભક્તો !

પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી તરીકે સિસલ્સ દેશમાં આપ સૌ કોઈનું **હાર્દિક સ્વાગત** કરવાની મારી ફરજ છે. સિસલ્સના પ્રખ્યાત બિલ્ડરોમાંનાં એક એવા **હરિ બિલ્ડર્સ**ની **રજત જયંતી વર્ષ**ની ઉજવણીમાં આવવા બદલ તમામ સંતો-ભક્તોનું હું **સ્વાગત** કરું છું.

આજે જ્યારે આટલા બધા ભક્તોથી છલકાતા આ સભાખંડને જોઉં છું ત્યારે **સાંસ્કૃતિક ક્ષેત્રના મંત્રી** તરીકે **ગૌરવ** અનુભવું છું. સંસ્કૃતિ દ્વારા કઈ રીતે લોકોની નજીક જઈ શકાય એ આજે આ મહોત્સવના માધ્યમથી જોવા મળે છે. આજે જ્યારે તમે સર્વે ઉપસ્થિત છો ત્યારે આટલો નાનો દેશ હોવા છતાં પણ તેમાં રહેલી વિવિધતાને કારણે **સિસલ્સ દેશ** આજે વિશ્વ માટે **ઉદાહરણ** બનવા જઈ રહ્યો છે. આપણે સર્વે સિસલ્સમાં હળી-મળીને રહીએ છીએ અને પરસ્પર આદર સાથે રહીએ છીએ અને અમારી આ વિચારધારા પ્રમાણે અમે તમને સર્વ ભક્તોને **સંસ્કૃતિના ભાગરૂપે** આવકાર્યા છે. આ દેખીતી રીતે જ **સાંસ્કૃતિક એકતાનું દર્શન** છે. જેથી તમારી ઉપસ્થિતિ બદલ સિસલ્સ દેશ **ગૌરવ** અનુભવે છે.

હરિ બિલ્ડર્સના ૨૫ વર્ષની ઉજવણી બદલ તેમને **અભિનંદન** આપવાની તક હું ગુમાવવા નથી માંગતો. તેઓ સિસલ્સના એક **વફાદાર નાગરિક** તરીકે રહ્યા છે. અને આજે સિસલ્સ જે કાંઈ પણ છે તેમાં હરિ બિલ્ડર્સનું પણ **મહત્ત્વનું યોગદાન** રહ્યું છે.

સ્વર્ગ સમાન આ સિસલ્સ ટાપુ પર તમે ખૂબ આનંદ માણો. તમારો આ મહોત્સવ ખૂબજ લાભદાયક બની રહેશે અને હું ખાતરીપૂર્વક કહીશ કે તમામ ભક્તો આ મહોત્સવને બિરદાવશે.

હરિ બિલ્ડર્સ - **શ્રી વાલજીભાઈ વરસાણી**ને ખૂબ-ખૂબ **હાર્દિક અભિનંદન....** આભાર



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






ગઢપુરને આંગણે વડોદરા મહિલા મંડળ દ્વારા યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા અ.સૌ. ગાદીવાળા માતુશ્રી તથા પ.પૂ. વહુજી મહારાજ સાથે પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી.








રક્ષાબંધનના પર્વ પ્રસંગે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીને રાખડી બાંધતા પૂ. બચુબા તથા પૂ. બાબારાજા - વડતાલ






ગઢપુરને આંગણે વડોદરા મહિલા મંડળ દ્વારા યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા અ.સૌ. ગાદીવાળા માતુશ્રી તથા પ.પૂ. વહુજી મહારાજ સાથે પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી.






ગઢડાને આંગણે શ્રી ગોપીનાથજી મહારાજના સાન્નિધ્યમાં 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ'માં પ્રાગટ્યની આરતી ઉતારતા પૂ. નાનાલાલજી મહારાજશ્રી






જૂનાગઢધામમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ'






શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ'માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરતા સંતો-હરિભક્તો.




વડોદરાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો '૬૬મો જન્મોત્સવ'




અમેરિકાના શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર હ્યુસ્ટન ખાતે 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ' ઉજવણી કરતા હરિભક્તો.




અમેરિકાના શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ન્યૂજર્સી ખાતે 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ' ઉજવણી કરતા હરિભક્તો.




રાજકોટને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ શિવ મહોત્સવ પ્રસંગે કીર્તનોત્સવ-સત્સંગ સભા.




સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતમાં યોજાયેલ 'સંત શિબિર-૨૦૧૫'



સરધારધામને આંગણે ભાવનગર સત્સંગ સમાજ દ્વારા ૧૨ કલાક અખંડ ધૂનનું આયોજન



બગસરાને આંગણે જન્માષ્ટમી પર્વ પ્રસંગે છપ્પનભોગ અન્નકૂટોત્સવનું આયોજન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બૃહદ મુંબઈ પરાવિસ્તારને આંગણે

# શેલણ મહોત્સવ - ૨૦૧૫

## સત્સંગ વ્યાખ્યાનમાળા તથા દ્વિમાસિક સત્સંગ સભા

**પ્રયોજક :-** પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી **વક્તા :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

| :: વાશી :: | :: ડોંબીવલી :: | :: ભટ્ટવાડી-ઘાટકોપર :: |
|---|---|---|
| તા. ૨૮ થી ૩૦-૯-૨૦૧૫ | તા. ૧ થી ૫-૧૦-૨૦૧૫ | તા. ૭ થી ૧૧-૧૦-૨૦૧૫ |
| સ્થળ :- લુહાણા સમાજની વાડી, ડી-માર્ટની પાછળ, વાશી. | સ્થળ :- શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી રાજાજી રોડ, રેલ્વેબ્રીજની બાજુમાં. | સ્થળ :- મ્યુનિસીપલ મેદાન, જલારામ મંદિરની સામે |

**નોંધ :-** તા. ૧૧-૧૦-૨૦૧૫, રવિવારના રોજ ઘાટકોપર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં 'દ્વિમાસિક સત્સંગ સભા'નું આયોજન કરવામાં આવેલ છે. શોભાયાત્રા :- સાંજે ૫.૦૦ કલાકે

વધુ માહિતી માટે સંપર્ક - પૂ. પ્રેમ સ્વામી - મો. ૯૩૨૨૭૫૩૦૫૨, ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫



। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

**પધારો પીપળ**

## કળથીયા પરિવાર આયોજીત

ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલાચરિત્રો તથા ધર્મસિદ્ધાંતોથી ભરપૂર ગ્રંથરાજ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ

**વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર**

**તારીખ : ૧૯ થી ૨૫ ૧૧-૨૦૧૫**

કારતક સુદ - ૮   કારતક સુદ - ૧૫

**કથા સમય :-** સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦





:: આયોજક/નિમંત્રક ::

પ.ભ. શ્રી ભીમજીભાઈ છગનભાઈ કળથીયા સુપુત્રો તુષારભાઈ તથા ચિરાગભાઈ કળથીયા તથા
શ્રી હસમુખભાઈ અમરશીભાઈ કળથીયા પરીવાર - પીપળ

**અધ્યક્ષશ્રી :-** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**મહોત્સવ સ્થળ :- મું. પીપળ, તા. ગઢડા, જી. ભાવનગર**

**ઉપાધ્યક્ષશ્રી :-** પ.પૂ. ૧૦૮શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

---

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

**ઘરને ભક્તિમય વાતાવરણ બનાવવા.... આજે જ આપ વસાવો...**

**સંતો-ભક્તોના ભાવવાહી સુમધુર કંઠે ગવાયેલ તન-મન અને હૃદયને પુલકીત કરતી**

# સુમધુર સંગીત સુરાવલી સાથે કીર્તન-ભક્તિની ઓડિયો MP3 CDનો અલૌકિક રસથાળ...

- હિતકારી હરિ
- શ્રી સ્વા. મહામંત્ર ધૂન
- છેલકુંવર ઘનશ્યામજી
- પ્રીતમજી પ્યારા
- જપો જન શ્રી ઘનશ્યામ
- આજ મારે ઓરડે રે
- જય જય વિશ્વવિહારી
- આવોને અલબેલા
- પ્રથમ શ્રીહરિને...
- પ્રીતમ મેરે પ્યારે
- ધર્મકુંવર અલબેલા
- દુહા-છંદ

તાજેતરમાં પ્રકાશનો













**પ્રાપ્તિ સ્થાન : સરધાર :** શ્રી સ્વા. મંદિર, તા.જી. રાજકોટ. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૯૦૯૯૯૯૯૬૪૩. **વડતાલ :** શ્રી રઘુવીર વાડી, પૂ. ધર્મવલ્લભ સ્વામી - મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **મહુવા :** શ્રી સ્વા. મંદિર, ખારગેટ - મો. ૮૧૨૮૬૯૧૫૧૫. **ભાવનગર :** શ્રી સ્વા. મંદિર, ચિત્રા, નારચોકડી - મો. ૯૮૯૮૦૨૫૨૫૧. **સુરત :** શ્રી સ્વા. મંદિર, શ્રીજીનગર વિ-૨ વરાછા રોડ, સ્પીનીંગ મીલની બાજુમાં. મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **ડોંબીવલી :** શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારને આંગણે



અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ ૨૦ સત્સંગ છાવણી

## સરધાર ૨૦૧૫

**તારીખ :- ૯ થી ૧૭ -૧૧-૨૦૧૫**

**પ્રયોજક :- પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર**

તા.જી. રાજકોટ. **સંપર્ક** - ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી)

**ખાસનોંધ :- આ સત્સંગ છાવણીની સાથોસાથ 'બાળ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવેલ છે, તો આપ ભક્તજનો આપના બાળકોને સાથે લઈને છાવણીનો લાભ લઈ શકશો.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

મહોત્સવ
उत्सवों का मेला
Channel of Celebrations

# હવે બૃહદ મુંબઈના પરાવિસ્તારમાં ઘરબેઠાં માણો

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

## દિવ્ય અમૃતવાણી

સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યવરૂપદાસજી**ના શ્રીમુખે **સત્સંગ કથામૃત**

**સમય :-** દરરોજ રાત્રે ૧૦ થી ૧૧

**in digital**
**ઈન કેબલ**

→ બાન્દ્રા થી વિલેપાર્લા (વે) - ચેનલનં. ૯૮૧
→ વિલેપાર્લા (ઈ) થી કુર્લા-ચેમ્બુર - ચેનલનં. ૯૭૫
→ અંધેરી (ઈ) - ચેનલનં. ૯૭૮
→ અંધેરી (વે) - ચેનલનં. ૯૮૦
→ થાણા અને મુલુંડ - ચેનલનં. ૯૮૧
→ ગોરેગાંવ થી મીરારોડ - ચેનલનં. ૯૭૪
→ કોલાંબા થી વર્લી - ચેનલનં. ૯૮૧
→ ઘાટકોપર-વિદ્યાવિહાર-વિક્રોલી-ગોર્વોંડે - ચેનલનં. ૯૮૧

**હેથવે-સોનાલી કેબલ**
→ બોરીવલી-ગોરાય થી ખાર - ચેનલનં. ૧૧૬

hathw@y

**હેથવે-સાઈસ્ટર કેબલ**
→ દહિસર-ચેકનાકા થી બાન્દ્રા - ચેનલનં. ૧૧૭

**online :** www.mahotsavtv.com → **મહોત્સવ ચેનલ કંટ્રોલ રૂમ સંપર્ક :-** ૯૮૬૭૫૬૫૦૯૫, ૯૮૬૯૨૭૬૬૫૭

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૪-૧૦-૨૦૧૫

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩






































**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતોની દુબઈમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૨૬ થી ૨૯-૮-૧૫)**

૧. દુબઈ એરપોર્ટ પર પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોનું સ્વાગત કરતા હરિભક્તો. ૨. પ.ભ. શ્રી ભાવેશભાઈ ઘનશ્યામભાઈ ઠક્કરની ઓફિસમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩-૪-૫-૬. પ.ભ. શ્રી સંજયભાઈ ભીમજીભાઈ ટાંકના નિવાસસ્થાને તથા ઓફિસ-ફેકટરીમાં પધરામણી કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતો-હરિભક્તો. ૭. પ.ભ. શ્રી ગીરીશભાઈ સોનીના નૂતન જ્વેલર્સ શોરૂમમાં પધરામણી. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતોની પધરામણી : ૮. પ.ભ. શ્રી સન્મુખભાઈ આદિક ભક્તો. ૯. પ.ભ. શ્રી સંજયભાઈ પેટલાદ. ૧૦. પ.ભ. શ્રી કિશોરભાઈ સાપરીયા તથા ચેતનભાઈ કાછીયા. ૧૧. પ.ભ. શ્રી વિરલભાઈ સોની. ૧૨. પ.ભ. શ્રી સમીરભાઈ રાણા આદિક ભક્તો.




**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી બંને**
**પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતોની દુબઈમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૨૬ થી ૨૯-૮-૧૫)**

**પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સત્સંગ સભા :** ૧. દૂબઈ ૨. બરદુબઈમાં પ.ભ. શ્રી ભાવેશભાઈ ઘનશ્યામભાઈ ઠક્કરના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભા. ૩. શારજહાંમાં પ.ભ. શ્રી રમણિકભાઈ મીસ્રીના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભા. ૪. અબુધાબીમાં પ.ભ. શ્રી સમીરભાઈ રાણાના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભા. ૫. દૂબઈમાં પ.ભ. શ્રી સન્મુખભાઈના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભા. ૬-૭-૮-૯. રક્ષાબંધન પર્વના પવિત્ર દિવસે સંતો-હરિભક્તોને રાખડીનું બંધન કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦-૧૧-૧૨. બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો સાથે હરિભક્તો.




હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ ચતુર્થ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૮-૨૦૧૫)




હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ ચતુર્થ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૮-૨૦૧૫)

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
# હેરો-લંડન





































**હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ ચતુર્થ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૮-૨૦૧૫)**

૧. હિથ્રો એરપોર્ટ પર પ.પૂ. લાલજી મહારાજશ્રી તથઆ પૂ. સંતોનું સ્વાગત કરતા હરિભક્તો. ૨. મહોત્સવ દરમ્યાન સભામાં નિત્ય પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. નૂતન 'શ્રી સ્વામિનારાયણીય દુહા-છંદ' ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. સંતો તથા યજમાન શ્રી ભાવેશભાઈ ધીરુભાઈ ડોબરીયા. ૪-૫-૬. પાકશાળામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા મહાપ્રસાદ લેતા ભક્તજનો. ૭. સભામંડપ-સ્ટેજ શણગાર સમિતિ. ૮. રસોડા સમિતિ. ૯. પાર્કિંગ સમિતિ. ૧૦. વિડિયો શૂટીંગ તથા લાઈવ ઈન્ટરનેટ સમિતિ. ૧૧. ઓફિસ-સ્ટોલ સમિતિ. ૧૨. શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજના 'સુવર્ણ જયંતી' પ્રસંગે સન્માનપત્ર અર્પણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.





































**હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ ચતુર્થ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૮-૨૦૧૫)**

૧-૨. પોથીયાત્રામાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. વક્તાશ્રી તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે ગ્રંથરાજની આરતી. ૩. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. વક્તાશ્રી તથા યજમાનશ્રીઓ. ૪-૫. શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવને વધાવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૬. કથા અંતર્ગત ગાદિ-પટ્ટાભિષેક પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૭. કથા અંતર્ગત અન્નકૂટોત્સવ. ૮-૯. રાસોત્સવ-ઠાકરથાળી. ૧૦-૧૧-૧૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સમૂહ મહાપૂજા કરાવતા પૂ. શા. ગોવિંદપ્રસાદ સ્વામી (જૂનાગઢ) તથા લાભે યજમાનશ્રીઓ.

Swaminarayan Chintan, September - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015_RNI No. GUJGUJ-2013/47868








હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ ચતુર્થ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૮-૨૦૧૫)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007